આજનો સુવિચાર

પરોપકાર
કરનાર
સજ્જનો ક્યારેય
બદલાની આશા
રાખતા નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૧ જૂનાગઢ તા.૦૨-૧૧-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 271, Junagadh : Date : 02 November, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

સુરતનાં કતાર ગામમાં બે માળની ઈમારત ધરાશયી : કોઈ જાનહાની નહી

સુરત તા. ૨

સુરતમાં કતારગામ જીઆઈડીસીમાં બે માળની બિલ્ડિંગ તૂટી પડતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. બિલ્ડિંગમાં ચાલતા એમ્બ્રોડરી વિભાગમાંથી કારીગરો નીકળી જતા બચી ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર અને પાલિકાનો કાફલો દોડી આવ્યો હતો. પત્તાના મહેલની જેમ બિલ્ડિંગ ધરાશાયી થતાનો વીડિયો પણ સામે આવ્યો છે. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી.

આ ઘટનાને નજરે જોનાર લોકોએ જણાવ્યું હતું કે, પહેલા બિલ્ડિંગમાંથી થોડો થોડો ભાગ પડી રહ્યો હતો. બાદમાં આખું બિલ્ડિંગ ધરાશાયી થયું હતું. આ બિલ્ડિંગમાં એમ્બ્રોડરીનું કારખાનું હતું. સવારે બિલ્ડિંગમાંથી ધીમે ધીમે કાટમાળ પડી રહ્યો હતો. પણ સવારના ૭ વાગ્યા તો વધારે કાટમાળ પડવા લાગ્યો હતો. ત્યારબાદ બધા કારીગરો બિલ્ડિંગમાંથી નીકળી ગયા હતા. બેથી ત્રણ સેકન્ડમાં જ આખું બિલ્ડિંગ ધરાશાયી થઈ ગયું. હતું. અંદર ૬ લોકો હતા તે તમામ સહીસલામત બહાર નીકળી ગયા હતા.

હવે રીઝર્વ બેંકની ૧૯ ઓફીસોમાં બે હજારની નોટ બદલાવી શકાશે

નવી દિલ્હી તા.૨

રૂપિયા ૨ હજારની નોટને લઈ રિઝર્વ બેંકે નોટિફિકેશન જાહેર કર્યું છે , અત્યાર સુધી બે હજારની ૯૭ ટકા નોટ પરત આવી હોવાનો રીઝર્વ બેંકનો દાવો છે, દેશની ૧૯ રીઝર્વ બેંકની ઓફિસમાં બે હજારની નોટ બદલી કરાવી શકાશે રિઝર્વ બેંકે ૧૯ મે, ૨૦૨૩ના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટને ચલણમાંથી હટાવવા માટે એક પરિપત્ર બહાર પાડ્યો હતો.

કેજરીવાલ આજે ઈડી સમક્ષ હાજર નહી થાય : કેન્દ્રીય તપાસ એજન્સીઓ દબાણમાં કામ કરી રહી હોવાનો આપનો આક્ષેપ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે લિકર પોલિસી કેસમાં પૂછપરછ માટે તપાસ એજન્સી ઈડી સમક્ષ હાજર નહીં થાય. આપ સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની સાથે મધ્યપ્રદેશના સિંગરૌલીમાં રેલી માં હાજરી આપવાના છે.

ઈડીએ કેજરીવાલને ૩૦ ઓક્ટોબરે પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું. આ અંગે આજે સવારે ૯ વાગે કેજરીવાલે ઈડીને જવાબ મોકલીને કહ્યું હતું કે આ નોટિસ ગેરકાયદેસર અને રાજનીતિથી પ્રેરિત છે. દરમ્યાનમાં આમ આદમી પાર્ટીએ એવો આક્ષેપ કર્યો છે કે, કેન્દ્રીય તપાસ એજન્સીઓ (કેન્દ્ર સરકારનાં) દબાણમાં કામ કરી રહી છે. કેજરીવાલે કહ્યું કે આ નોટિસ ભાજપના ઈશારે મોકલવામાં આવી છે, જેથી તેમને ચાર રાજ્યોમાં ચૂંટણી પ્રચાર માટે જતા રોકી શકાય. ઈડીએ આ નોટિસ પાછી ખેંચી લેવી જોઈએ.

કેજરીવાલ પૂછપરછ માટે જવાની સંભાવના વચ્ચે દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ રામનિવાસ ગોયલ તેમના ઘરે પહોંચ્યા અને તેમને મળ્યા. કેજરીવાલ પણ ૧૦ વાગે રાજઘાટ જાય તેવી શક્યતા હતી. જેને લઈને રાજઘાટ પર પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો.

લિકર પોલિસી કેસમાં તપાસ એજન્સી ઈડી આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પૂછપરછ કરવાની હતી. પૂછપરછ માટે જતા પહેલા કેજરીવાલે ઈઢને જવાબ આપ્યો હતો કે આ નોટિસ ગેરકાયદેસર અને રાજનીતિથી પ્રેરિત છે. હું ચાર રાજ્યોમાં ચૂંટણી પ્રચાર માટે ન જઈ શકું તેની ખાતરી કરવા માટે આ નોટિસ ભાજપના ઈશારે મોકલવામાં આવી છે. ઈડીએ આ નોટિસ પાછી ખેંચી લેવી જોઈએ.

વ્હાઈટ કોલર ક્રાઈમ રાષ્ટ્ર અને સમાજ માટે અત્યંત ખતરનાક : સીબીઆઈ કોર્ટ

નવી દિલ્હી, તા.૨: ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના એક ડિસ્ટ્રીબ્યુટર અને એક બેંક મેનેજરને ભ્રષ્ટાચાર તથા બેંક અને PSU સાથે છેતરપિંડી કરી નુકસાન પહોંચાડવા માટે દોષિત ઠેરવતા ગુજરાતની સ્પેશીયલ CBI કોર્ટે કહ્યું હતું કે વ્હાઈટ કોલર ક્રાઈમ સમાજ અને રાષ્ટ્ર માટે વધુ જોખમી છે કારણ કે તેમના અસર સામાન્ય ગુનાઓ કરતાં વધુ ગંભીર છે.

આ કેસમાં ચાર આરોપીઓમાં IOCL ડેપ્યુટી મેનેજર,અંકલેશ્વરમાં બેંક ઓફ ઈન્ડિયાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખાના મેનેજર; આસિસ્ટન્ટ બેંક મેનેજર અને IOCL ડિસ્ટ્રીબ્યુટરનો સમાવેશ થાય છે. તેમના પર આરોપ છે કે તેમણે બનાવટી ક્રેડિટ અને બેંક ગેરંટી પત્રો બનાવીને અને IOCL પાસેથી માલ ખરીદ્યો હતો, જેનાથી PSUને રૂા. ૮૫ લાખનું નુકસાન થયું હતું.

વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં ચારેય આરોપી પર ફોજદારી કાવતરું ઘડવા બદલ કેસ કેસ નોંધવામાં આવ્યો હતો. ૨૩ વર્ષ કોર્ટમાં કેસ ચાલ્યો, આ દમિયાન આસિસ્ટન્ટ બેંક મેનેજરનું અવસાન થયું, IOCL ડેપ્યુટી મેનેજરને સીબીઆઈ કોર્ટે અગાઉ નિર્દોષ જાહેર કર્યા હતા. બાકીના બંને આરોપીઓને કોર્ટે પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. કોર્ટે બેંક મેનેજરને રૂા. ૯ લાખ અને ડિસ્ટ્રીબ્યુટરને રૂા. ૮૫ લાખનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે હાલમાં છેતરપિંડીની કિંમત લગભગ ૧૨ કરોડ રૂપિયા થાય છે, પરંતુ આરોપીની સ્થિતિને જોતા તેણે ૮૫ લાખ રૂપિયાનો દંડ ભરવો જોઈએ.

આ બંનેને સજા સંભળાવતી વખતે સ્પેશિયલ સીબીઆઈ જજે અવલોકન કર્યું હતું કે વ્હાઈટ કોલર ગુનાના ગુનેગારો મધ્યમ વર્ગ, વ્યાવસાયિકો અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ હોય છે. આવા ગુનાઓ રાષ્ટ્રના વિકાસ અને તેની પ્રગતિને અવરોધે છે. આવા ગુનાઓ શિક્ષિત લોકો દ્વારા ગણતરીપૂર્વક કરવામાં આવે છે. તેઓ કોઈપણ પ્રતિષ્ઠા ગુમાવ્યા અથવા અપમાન વિના સમાજ વચ્ચે રહે છે.

કોર્ટે વધુમાં કહ્યું કે વ્હાઈટ કોલર ગુનાઓ સમાજ અને રાષ્ટ્ર માટે વધુ ખતરનાક છે કારણ કે તેની અસર સામાન્ય ગુનાઓ કરતા વધુ ગંભીર હોય છે, કારણ કે તે લોકોના આત્મવિશ્વાસ અને નૈતિક ધોરણોને નુકશાન પહોંચાડે છે.

રાજકોટમાં તસ્કરોએ તહેવારોની બોણી કરી : લાખોની કિંમતનાં ૧૨૦૦૦ હિરા અને રૂા.૮ લાખ રોકડની ચોરી

(રાજકોટ બ્યુરો) રાજકોટ, તા. ૨

દિવાળી પૂર્વે જ રાજકોટ શહેરમાં ગઈકાલે કાચ તોડ ગેંગ તરખાટ મચાવ્યા બાદ ગત મોડી રાત્રે મવડી ચોકડી પાસે આવેલ સિવિક ઈમ્પેક્ષમાં શ્રીજી ડાયમંડ નામની પેઢીમાં ત્રાટકેલા તસ્કરોએ તિજોરી તોડી કર્મચારીઓના પગાર માટે રાખેલ રોકડ રૂા. ૮ લાખ અને લાખોના ૧૨ હજાર હિરાની ચોરી કરી નાસી છુટતા શહેરભરમાં ખળભળાટ મચી ગયો હતો.

બનાવની જાણ થતા એસીપી ભાર્ગવ પંડયા સહિત તાલુકા પોલીસ અને ક્રાઈમ બ્રાંચની ટીમો દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તહેવારો પૂર્વે જ તસ્કરો સક્રિય થતાં શહેરીજનોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે અને પોલીસ માટે પણ અગ્નિ પરીક્ષા સમાન બની રહ્યું છે. ત્યારે મવડી ચોકડી પાસે થયેલ હિરા અને રોકડની ચોરીની મળતી વિગત મુજબ, મવડી ચોકડીથી બાપા સીતારામ ચોક વચ્ચે આવેલ સીવીક ઈમ્પેક્ષ નામના કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે શ્રીજી ડાયમંડ નામની પેઢી આવેલી છે. પેઢીનાં માલીક મુકેશભાઈ ગોપાલભાઈ દુધાત્રા (રહે. માધાપર ચોકડી પાસે) આજે વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ પોતાની શ્રીજી ડાયમંડ પેઢીએ પહોંચ્યા ત્યારે પેઢીનું શટર અડધુ ઉંચુ થયેલ જોવા મળતા તેઓ ચોંકી ઉઠયા હતા.

શટર ખોલી તાત્કાલીક પોતાની ઓફિસમાં આવેલ તિજોરી ચેક કરતા તિજોરી તુટેલી જોવામળી હતી અને તેમાં રાખેલ રોકડ રૂા. ૮ લાખ અને અંદાજીત લાખોના ૧૨ હજાર હિરા ગાયબ હતા.

પેઢી સંચાલક મુકેશભાઈને ચોરી થયાનું માલુમ પડતા તુરંત જ તેને ૧૦૦ નંબરમાં કોલ કરી પોલીસને જાણ કરતા એસીપી ભાર્ગવ પંડયા તાલુકા પોલીસ મથકના પીઆઈ વિરલ પટેલ સહિત ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી

બજારોમાં તહેવારોની રોનક સાથે ખરીદી માટે ભારે ભીડ

નવી દિલ્હી તા. ૨ : દિપાવલીના તહેવારો નજીક આવતા જ ભારતીયો હવે તેના હાથ, ખીસ્સા, ક્રેડીટ-ડેબીટ કાર્ડ ખાલી કરી રહ્યા છે અને આ તહેવારમાં કાર, સ્માર્ટફોન તથા ટેલિવિઝનનું વેચાણ નવા રેકોર્ડ બનાવે તેવા સંકેત છે. વિશ્વની સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં હવે સૌથી ઝડપથી ખર્ચતા અર્થતંત્રનું પણ બિરુદ મળે તો આશ્ચર્ય થશે નહી અને ફકત ઓફલાઈન જ નહી પણ ઓનલાઈન ખર્ચ પણ વધ્યુ છે.

ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન ડોટ કોમ, વોલમાર્ટની ઈ-કોમર્સ કંપની ફલીપકાર્ટનું વેચાણ તહેવારોના પ્રથમ સપ્તાહ એટલે કે નવરાત્રીના સમયમાં અગાઉના એક એક વર્ષની સરખામણીમાં ૨૦ ટકાથી વધુ વધી ગયુ છે તો ઓકટોબર માસમાં ડીજીટલ વ્યવહારો ગત વર્ષની સરખામણીમાં ૪૦ ટકાથી વધુ વધી ગયા છે.

ફાર્મા કંપનીનાં માલીકે કર્મચારીઓને દિવાળી ગીફટમાં કાર આપી

મુંબઈ, તા.૨: દિવાળીનાં તહેવાર આડે હવે ગણતરીનાં દિવસો બાકી રહયા છે ત્યારે કંપનીના સત્તાવાળાઓ દ્વારા કર્મચારીઓને ગિફ્ટ અને મીઠાઈ ભેટ આપવામાં આવતી હોય છે. આવી સ્થિતિ વચ્ચે એક ફાર્મા કંપની દ્વારા આપવામાં આવેલી ભેટ હાલ ચર્ચાનું કારણ બની છે અને કર્મચારીઓમાં અનેરી ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વધુમાં લોકો પણ આવા બોસ મળે તેવી માંગ કરી રહ્યા છે.પંચકુલામાં એક ફાર્મા કંપનીના માલિકે પોતાના ૧૨ કર્મચારીઓને ટાટા પંચ કાર ગિફ્ટ કરી દીધી છે. મિટ્સકાર્ટ કંપનીના માલિક એમ કે ભાટિયા પોતાને માલિક નથી ગણાવતા અને કર્મચારીઓને તે કર્મચારી ગણતા નથી. તેઓના જણાવ્યા અનુસાર કર્મચારી બધા તેને મન સ્ટાર્સ, સેલિબ્રિટીઝ છે. તેઓની મહેનત અને તેના સ્ટાફની મદદથી તેણે એક કંપની બનાવી અને આજે તેના કારણે તે ઘણી ઉંચાઈ પર પહોંચી ગયો છે અગાઉ તેમણે કાર ગિફ્ટ કરવાનો વાયદો કર્યા બાદ આજે કાર ભેટ આપી વચન પૂર્ણ કર્યું છે.

ઈઝરાયલ - હમાસ યુધ્ધનો આજે ૨૭મો દિવસ

ઈઝરાયલની સેના ગાઝા શહેરનાં દ્વારે પહોંચી : હમાસનાં હુમલામાં ભારતીય મુળનાં ૨૦ વર્ષનાં સૈનિકનું મોત

તેલ અવીવ / નવી દિલ્હી, તા.૨

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ગાઝામાં ભારતીય મૂળના ૨૦ વર્ષીય ઈઝરાયેલી સૈનિકનું પણ મોત થયું છ

ભારતીય સમુદાયના સભ્યો અને ડિમોના શહેરના મેયરે બુધવારે આ માહિતી આપી હતી. ૨૦ વર્ષીય સૈનિકની ઓળખ સ્ટાફ સાર્જન્ટ હેલેલ સોલોમન તરીકે કરવામાં આવી છે, જે દક્ષિણ ઈઝરાયેલના ડિમોના શહેરનો હતો.

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે જોર્ડને ઈઝરાયેલમાંથી પોતાના રાજદૂતને પરત બોલાવી લીધા છે.

જોર્ડને ઈઝરાયલ સાથેનાં રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા : રાજદૂતને પાછા બોલાવી લીધા

જોર્ડનના વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી છે. જોર્ડનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ઈઝરાયેલ ગાઝામાં બોમ્બ ધડાકા બંધ કરે પછી જ અમારા રાજદૂત તેલ અવીવ પરત ફરશે.

હમાસ સાથેના યુદ્ધ વચ્ચે ઈઝરાયેલનો મોટો દાવો કરતા યુદ્ધમાં સામેલ ૧૧૮૦ આતંકવાદીઓની ધરપકડ કરી છે. ઈઝરાયેલે કહ્યું કે યુદ્ધમાં સામેલ કોઈપણને છોડવામાં આવશે નહીં. દરમિયાન ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે ગાઝામાં હમાસના ૧૧૦૦૦ લક્ષ્યાંકો પર હુમલા કર્યા છે. દરમિયાન આજે એક જ દિવસમાં ૧૫ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા છે અને કેટલીક ટેંકો ગુમાવી છે.

યુદ્ધમાં અત્યાર સુધીમાં બંને પક્ષે હજારો લોકોના મોત થયા છે: લગભગ ૯ હજાર પેલેસ્ટાઈનના મોત થયા છે. ઈઝરાયેલી ફોર્સ ગાઝા શહેરના દરવાજે પહોંચી ગઈ છે.

હવે લગ્નોનો કોઈ ભરોસો રહયો નથી !!

ભારતમાં પણ પ્રી-મેરેજ એગ્રીમેન્ટ ફરજીયાત કરવાની જરૂર : દિલ્હી કોર્ટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨: ભારતમાં લગ્ન વિચ્છેદના કેસ સતત વધતા જાય છે અને અદાલતોમાં છૂટાછેડાના કેસનો ઢગલો થયો છે. આ બાબતની ગંભીર નોંધ લઈને દિલ્હીની એક કોર્ટે તાજેતરમાં કહ્યું છે કે હવે લગ્નોનો કોઈ ભરોસો નથી. તેથી વિદેશની જેમ ભારતમાં પણ પ્રિ-મેરેજ એગ્રીમેન્ટ ફરજિયાત બનાવવાની જરૂર છે જેથી પાછળથી મિલ્કત કે બીજી કોઈ બાબતો વિશે વિવાદ ન થાય. કોર્ટે કહ્યું કે અત્યારે એવા ઘણા કેસ છે જેમાં પતિ-પત્ની એક સાથે રહેવા નથી માંગતા અને તેમાં સમાધાન પણ થાય તેવી શક્યતા નથી. બંને પક્ષ જ્યારે છૂટાછેડા ઈચ્છતા હોય ત્યારે આવા લગ્નનો અંત લાવવામાં આવે તે જ વધુ યોગ્ય છે. હિંદુ મેરેજ એકટના સેકશન ૧૩-બી હેઠળ ફેમિલી કોર્ટે પરસ્પર સહમતિથી નો-ફોલ્ટ ડાઈવોર્સને મંજૂરી આપી હતી જેને સાદી ભાષામાં નિર્દોષ છૂટાછેડા કહેવાય છે.

પ્રિ-મેરેજ એગ્રીમેન્ટ શું હોય છે?

અમેરિકા અને બીજા દેશોમાં જ્યાં લગ્ન બહુ ઓછા ટકે છે ત્યાં લગ્ન પૂર્વે એગ્રીમેન્ટ કરવાની પ્રથા છે. આ એગ્રીમેન્ટના પહેલેથી નક્કી હોય છે કે પતિ-પત્ની પાસે કયા લીગલ અધિકારો છે અને છૂટાછેડા થાય તો સંપત્તિમાં કઈ રીતે ભાગ પડશે. તેમાં પ્રોપર્ટી ઉપરાંત બચતના ભાગ, રિટાયરમેન્ટના લાભમાં વહેંચણી, પત્નીને કેટલું ભરણપોષણ આપવું વગેરે નક્કી હોય છે. તેના કારણે બેમાંથી કોઈ પણ એક પક્ષ એગ્રીમેન્ટનો ભંગ કરે ત્યારે સામેની પાર્ટીને તેનો હિસ્સો મળી જાય છે. ભારતમાં આવા પ્રિ-મેરેજ એગ્રીમેન્ટની મંજૂરી નથી.

મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો,
પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર,
હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર,
ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

અધ્યતન બંગલો વેચવાનો છે
બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અધ્યતન બંગલો વેચવાનો છે.
દોમડીયાવાડી પાસે, SBI સામે,
ગીરીકુંજ સોસાયટી.
મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

સ્વસ્તિક દાંતનું દવાખાનુ
ડો. નિશીથ અગ્રાવત (B.D.S.) ડો. તૃપ્તિ અગ્રાવત (B.D.S.)
Mo. 79841 09848
દાંતનું દવાખાનુ (સમય : ૯-૩૦ થી ૧, ૪-૩૦ થી ૮-૩૦)
:: ઉપલબ્ધ સુવિધાઓ ::
✦ પાન-માવાથી ખરાબ થયેલ દાંતની સફાઈ ✦ દાંતના મુળિયાની સારવાર (R.C.T.)
✦ બંધ થયેલ મોઢુ ✦ દાંત અને પેઢાનાં રોગો
✦ ચાંદી તથા દાંતમાં કવર ચઢાવવાની ✦ બત્રીસી (ચોકઠા) તથા ફોલ્ડીંગ ચોકઠા
✦ મુળીયાની સારવાર ✦ ડહાપણની ડાઢ ઓપરેશન વડે કાઢવાની સુવિધા.
દુકાન નં. ૧, અવસર ફલેટ, નવા નાગરવાડા રોડ, વણઝારી ચોક, જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેશનથી નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ફિંગ્રેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ

દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને આગોતરા આયોજનના ભાગરૂપે ઓક્ટોબર માસમાં રાજ્યના ૭૨ લાખથી વધુ એટલે કે ૯૫ ટકા NFSA કુટુંબોને અનાજ વિતરણ કરાયું : પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા

નવેમ્બર માસના મળવાપાત્ર જથ્થાના વિતરણનો રાજ્યભરમાં પ્રારંભ : પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ : રાજ્ય સરકાર દ્વારા વાજબી ભાવના દુકાનદારોને સપ્ટેમ્બર માસમાં મિનિમમ કમિશન પેટે રૂા. ૩.૫૩ કરોડથી વધુની રકમ ચૂકવાઈ

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં NFSA કુટુંબોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા દિવાળીના તહેવારોમાં સસ્તા દરે અનાજ, ખાદ્યતેલ, ખાંડ, ચણા અને ડબલ ફોર્ટીફાઈડ મીઠાના વિતરણનું આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દિવાળીના તહેવારોમાં જરૂરીયાત મંદોને પૂરતા પ્રમાણમાં સસ્તા દરે અનાજ સહિતની ખાદ્ય વસ્તુઓ મળી રહે તે માટે ઓક્ટોબર-૨૦૨૩માં રાજ્યના ૭૨.૫૧ લાખ NFSA કુટુંબોને એટલે કે અનાજનું ૯૫ ટકા વિતરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સિવાય ઓક્ટોબર માસમાં બાકી રહી ગયેલા કાર્ડ ધારકોને નવેમ્બર માસમાં અનાજ આપવામાં આવશે. આ ઉપરાંત આગામી તહેવારો નિમિત્તે નવેમ્બર-૨૦૨૩નો મળવાપાત્ર જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે જેની વિતરણ વ્યવસ્થાનો પણ રાબેતા મુજબ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે, જેનો લાભાર્થી કુટુંબોએ મહત્તમ લાભ લેવા પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ અનુરોધ કર્યો છે.

પુરવઠા મંત્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્યમાં દિવાળીના તહેવારોને અનુલક્ષીને સરકાર દ્વારા આગોતરું આયોજન કરી ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩' હેઠળના રેશનકાર્ડધારકોને રાહત દરે કાર્ડદીઠ ૧ લિટર સીંગતેલ તથા અંત્યોદય અને બીપીએલ રેશનકાર્ડધારકોને કાર્ડદીઠ વધારાની ૧ કિ.ગ્રા. ખાંડનું ઓક્ટોબર-૨૦૨૩માં વિતરણ કરાયું છે. ઓક્ટોબર માસમાં ૭૩,૦૦૦ મે.ટન ઘઉં, ૧.૦૫ લાખ મે.ટન ચોખા, ખાદ્યતેલ-સીંગતેલના એક લીટરના ૬૭ લાખ પાઉચ, ૮,૫૦૦ મે.ટન ખાંડ, ૫,૦૦૦ મે.ટન ચણા અને ૩,૩૦૦ મે.ટન ડબલફોર્ટીફાઈડ મીઠાનું વિતરણ કરવામાં આવ્યું છે. આમ, કોઈ કાર્ડધારક દિવાળીના તહેવારમાં રાજ્ય સરકારની સસ્તા અનાજની યોજનાથી બાકાત રહે નહી તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું. પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સાથે ગત સપ્ટેમ્બર-૨૦૨૩માં સસ્તા અનાજના દુકાનદાર એસોસિયનના હોદેદારો સાથે થયેલી બેઠકમાં નક્કી થયા મુજબ ગત સપ્ટેમ્બર ૨૦૨૩ના માસનું તમામ જિલ્લાના વાજબી ભાવના દુકાનદારોને મિનિમમ કમિશન રૂા. ૨૦,૦૦૦ પેટે રૂા. ૩.૫૩ કરોડથી વધુની રકમ ચૂકવી દેવામાં આવી છે. આ સિવાય પણ પ્રજાના હિતમાં સસ્તા અનાજના દુકાનદારોના પ્રશ્નોના યોગ્ય ઉકેલ માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે તેમ, પણ મંત્રીએ ઉમેર્યું હતું.

લોહાણા મહિલા મંડળ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબા સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ત્રણ ગ્રુપમાં યોજાયેલ ગરબામાં વિવિધ ઈનામોની લ્હાણી વરસાવાઈ

જૂનાગઢ તા.૨

લોહાણા મહિલા મંડળના પ્રમુખ અલ્પાબેન ઉનડકટની અખબારી યાદી જણાવે છે કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ જૂનાગઢ લોહાણા મહિલા મંડળ દ્વારા નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી.

ગત તા. ૧૯ના રોજ લોહાણા મહાજન વાડી ખાતે નવરાત્રીની ઉજવણીના ભાગરૂપે ગરબાનું આયોજન કરાયુ હતુ. જેમા ૨૦ થી ૪૦ વર્ષની ઉંમરની બહેનો તેમજ ૪૧ વર્ષથી ઉપરની બહેનોના બે ગ્રુપ રાખેલ હતા. ગરબા સ્પર્ધામાં વેલ પ્લે, વેલ ડ્રેસ સહીતના ઈનામોની લ્હાણી વરસાવવામાં આવી હતી.

આ ઉપરાંત સભ્ય બહેનોના પાંચથી ૧૪ વર્ષની ઉંમરના બાળકોનું ગ્રુપને પણ ગરબી રમાડવામાં આવી હતી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરબાના ઈનામો મોવડીશ્રી મીનાબેન ચગ અને ભારતીબેન ઘીયા તરફથી આપવામાં આવ્યા હતા. તેમજ ગરબા ઉપરાંત કંદોરો અને પીછવાઈ બનાવવાની સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમા સભ્ય બહેનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીના નવલા નોરતા લીધા હતા.

સમગ્ર સ્પર્ધામાં જજ તરીકે મોનીકાબેન મશરૂ, મોનાલીબેન ગણાત્રા અને ચાંદનીબેન કોટેચાએ દેખરેખ રાખી હતી.

ગરબા સ્પર્ધામાં એ ગ્રુપમાં પ્રથમ ચાંદનીબેન સોઢા, દ્વિતિય બિનલબેન ઉનડકટ અને તૃતિય કુંજલબેન રૂપારેલીયા આવ્યા હતા. તેમજ બી ગ્રુપમાં પ્રથમ મેઘાબેન રૂપારેલીયા, દ્વિતિય હર્ષિતાબેન રૂપારેલીયા અને તૃતિય જયોતિબેન ઠકરારએ ગરબામાં સ્થાન મેળવ્યો હતો. તેમજ વેલડ્રેસ સ્પર્ધામાં એ ગ્રુપમાં ગીતાબેન કોટક અને બી ગ્રુપમાં ભાવનાબેન કોટેચાને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. તથા પીછવાઈ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રીનાબેન રૂપારેલીયા, દ્વિતિય ક્રમે પારૂલબેન સુચક અને તૃતિય ક્રમે મૃદુલાબેન કારીયા અને ચોથા ક્રમે અનીલાબેન બથીયા રહ્યા હતા. તેમજ કંદોરા સ્પર્ધામાં પ્રથમ ક્રમે અલ્પબેન રાજાણી, દ્વિતિય ક્રમે ભાવનાબેન કોટેચા અને તૃતિય ક્રમે બિનલબેન ઉનડકટ અને ચોથા ક્રમે મેઘાબેન રૂપારેલીયાએ સ્થાન મેળવ્યુ હતુ. આ તકે મહિલા અગ્રણી પુજાબેન કારીયા, મીનાબેન દત્તા, આરતીબેન જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે લોહાણા મહિલા મંડળના સેક્રેટરી રશ્મીબેન વિઠ્ઠલાણી, ઉપપ્રમુખ રસીલાબેન સોઢા, ગીતાબેન કોટેચા, ક્રિષ્નાબેન અઢીયા, સાધનાબેન નિર્મળ, પારૂલબેન સુચક, બિનલ ઉનડકટએ જહેમત ઉઠાવી હતી.

ખંભાળિયાની હોસ્પિટલમાં વધુ એક તજજ્ઞ તબીબની સેવાઓ પ્રાપ્ય

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયામાં રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલી જાણીતી વેદાંત હોસ્પિટલમાં વધુ એક જનરલ ફિઝિશિયન નિષ્ણાત તબીબ સેવારત બન્યા છે. ખંભાળિયામાં જાણીતા સેવાભાવી તબીબ ડોક્ટર અમિત નકુમની વેદાંત હોસ્પિટલ ખાતે છેલ્લા ઘણા વર્ષોના અનુભવી એવા જનરલ ફિઝિશિયન ડોક્ટર ઘનશ્યામ પિપરોતર કાર્યરત બન્યા છે. એમ.ડી. મેડિસિન ડોક્ટર પિપરોતર ભાણવડ પંથકના રહીશ છે અને અત્યાધુનિક સારવાર હૃદયરોગની બીમારી, કિડનીની બીમારી, ડાયાબિટીસ, બીપી, થાઈરોઈડ ઉપરાંત તાણ-આંચકી જેવી મગજની બીમારી સહિતના રોગ માટે તેઓ સમગ્ર પંથકમાં નિષ્ણાત છે. અહીં સેવારત બનેલા ડોક્ટર પિપરોતરને અહીંના સેવાભાવી અગ્રણી ઈન્દ્રજીતસિંહ પરમાર, જિલ્લાના અગ્રણી પત્રકાર કુંજનભાઈ રાડિયા, ડો. અમિતભાઈ નકુમ વિગેરેએ ભગવાન દ્વારકાધીશના ઉપરણા વડે આવકારીને શુભેચ્છાઓ પાઠવી હતી.

ખંભાળિયા પ્રાચીન, અર્વાચીન રાસ ગરબામાં સેવાભાવી આગેવાનોને સન્માનિત કરાયા

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયામાં તાજેતરમાં નવરાત્રીના અંતિમ ચરણમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એક જાહેર રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિનામૂલ્યે ગરબા નિહાળવાના આ આયોજનમાં મુખ્ય આયોજક વિમલ ચાવડા તથા ટીમની ખાસ જહેમત વચ્ચે આ રાસ ગરબા માટે વિવિધ પ્રકારે સહયોગી થનારા હર્ષદભાઈ બેરા તથા સંદીપભાઈ બેરાનું દ્વારકાધીશની પ્રતિકૃતિ આપીને ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં અહીંના અગ્રણી માનભા જાડેજા, ઈન્દ્રજીતસિંહ પરમાર, ડો. પી.વી. કંડોરીયા, પ્રભાત કાળુભાઈ ચાવડા, સગાભાઈ રાવલીયા, કૌશલભાઈ સવજાણી, દિલીપસિંહ ચાવડા, વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના હસ્તે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ"ના વધુ ૬૭ લાભાર્થીઓને રૂા.૧૧ કરોડથી વધુની સહાય વિતરણ કરાઈ

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૮૩ કૃષિ ઉદ્યોગ એકમોને રૂા.૩૨૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ: કૃષિ મંત્રી

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૨

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ''સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ'' હેઠળ નોંધાયેલ કૃષિ ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગની સ્થાપના માટે સહાય વિતરણ કરવાનો સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રીના હસ્તે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ હેઠળ નોંધાયેલા નવા ૬૭ જેટલા કૃષિ ઉદ્યોગકારોને સહાય હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા. કૃષિ મંત્રીએ લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં કૃષિ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને પૂરતું પ્રોત્સાહન, નાણાકીય સહાય મળે તેમજ કૃષિ ક્ષેત્રે મૂલ્યવર્ધનની તકોમાં વધારો થાય તેવા શુભ આશય સાથે રાજ્ય સરકારે વર્ષ-૨૦૧૬માં ''સર્વગ્રાહી કૃષિ વ્યવસાય યોજના''નો શુભારંભ કર્યો હતો. અત્યાર સુધીમાં આ યોજના અંતર્ગત કુલ ૪૮૩ કૃષિ ઉદ્યોગ એકમોને આશરે રૂા.૩૨૮ કરોડથી વધુની કેપિટલ સહાય અને બેંકની મુદતી લોન ઉપર વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે. જેમાં વધારો કરતા આજે મંજૂર થયેલા આશરે ૬૭ જેટલા લાભાર્થીઓને રૂા.૧૧ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. મંત્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે. જેને પરિપૂર્ણ કરવા માટે આ યોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ યોજના અંતર્ગત કૃષિ ઉદ્યોગ સાહસિકોને મૂડી રોકાણ, વ્યાજ સહાય જેવા જુદા-જુદા ઘટકો માટે સહાય આપવામાં આવે છે. જે પૈકી મૂડી સહાય માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા અને બેંકની મુદતી લોન ઉપર ૭.૫ ટકા વ્યાજ સહાયની અરજીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગકારોની લાગણીને વાચા આપીને ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા.૨૦૦ કરોડની બજેટ જોગવાઈ પણ કરવામાં આવી છે. મંત્રીએ કૃષિ ઉદ્યોગ સાહસિકોનો ઉત્સાહવર્ધન કરતા કહ્યું હતું કે, ખેડૂતોને તેના ઉત્પાદનમાં વધારાનો લાભ તો જ મળે જો તેની ખેત પેદાશમાં મૂલ્યવર્ધન થાય, સારૂ માર્કેટીંગ થાય અને તેનો નિકાસ થાય. રાજ્ય સરકારે આ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને કૃષિ ક્ષેત્ર માટે કુલ રૂા.૨૧,૬૦૫ કરોડની બજેટ જોગવાઈ કરી છે. સમગ્ર વિશ્વમાં ચાલુ વર્ષને ''ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટ'' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, અને ગુજરાતના અનેક ખેડૂતો પણ જુવાર, બાજરો, રાગી, રાજગરો, બાવરો જેવા મીલેટનું ઉત્પાદન કરે છે. મીલેટ ઉત્પાદન કરતા આવા ખેડૂતોની આવક બમણી કરવા મીલેટ પ્રોસેસીંગ માટેની નવી ટેકનોલોજી અપનાવીને વધુમાં વધુ નવા કૃષિ ઉદ્યોગો પ્રસ્થાપિત કરવા મંત્રીએ સૌને અનુરોધ કર્યો હતો.

અમરેલીમાં ગુમ થયેલા બે સગા ભાઈઓના શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યા

અમરેલી, તા.૨

અમરેલીમાં ગુમ બે સગા ભાઈઓના શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. મળતી જાણકારી અનુસાર, અમરેલીના રાજુલાના મોરંગી ગામનો ૬ વર્ષનો કૃણાલ વિજય મકવાણા અને ૧૦ વર્ષનો મિત વિજય મકવાણા ગુમ થયા હતા. જે બાદ બંન્નેની શોધખોળ કરવામાં આવી ત્યારે તળાવમાંથી શંકાસ્પદ હાલતમાં બંન્નેના મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે મૃતદેહ પર સામાન્ય ઈજાના નિશાન પણ જોવા મળ્યા હતા. જેને લઈ બંન્નેના મૃતદેહને ફોરેન્સિક રિપોર્ટ માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતીઅમરેલીના મોરંગીમાં ગુમ બે સગા ભાઈઓના મૃતદેહો તળાવમાંથી મળી આવ્યા હતા. ૬ વર્ષીય કૃણાલ મકવાણા, ૧૦ વર્ષીય મિત મકવાણાના મૃતદેહો મળી આવ્યા હતા. બંન્ને બાળકોના શરીર પર સામાન્ય ઈજાના નિશાન જોવા મળ્યા હતા. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે બંન્નેના મૃતદેહોને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા.

પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન

ઇ-ટેન્ડર આમંત્રણ નોટિસ

W.118/NIT/E-Tender/2023-24/17/WA તારીખ: 26/10/2023. ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે, મેનેજર (S&T), પશ્ચિમ રેલ્વે, ભાવનગર નીચેના કામો માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. (1) ટેન્ડર નં.: 19-2023: ભાવનગર ડિવિઝન: ADSTE-JND સેક્શનમાં આઉટડોર સિગ્નલિંગ ગિયર્સના રીપેરીંગ અને મેન્ટેનન્સ માટેના કામના સંબંધમાં સિગ્નલિંગ મટિરિયલ્સના પાર્ટ સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગના આઉટસોર્સિંગ ની જોગવાઈ. અંદાજિત ખર્ચ: ₹ 1,22,56,326.23/- (એક કરોડ બાવીસ લાખ છપ્પન હજાર ત્રણસો છવીસ રૂપિયા અને ત્રેવીસ પૈસા). (2) ટેન્ડર નં.: 20-2023: ભાવનગર ડિવિઝન: ADSTE-DLJ સેક્શનના 10 સ્ટેશનો (ઢસા, રાજપુર, ચાવંડ, આદ્યપર, ઉજળવાવ, જાળીયા, દામનગર, લીલીયા મોટા, સાવરકુંડલા, ગધકડા સ્ટેશનો) પર સેકન્ડરી બેટરીનું પાર્જિંગ અંદાજિત ખર્ચ: ₹ 6,56,454.00/- (છ લાખ છપ્પન હજાર ચારસો ચોપન રૂપિયા). બિડરોએ લિંક એટલે કે. www.ireps.gov.in દ્વારા જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 27/11/2023 15.00 કલાક સુધી. 110

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સાયન્સ સિટીમાં આગામી સમયમાં નવા આકર્ષણો ઉમેરાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયન્સ સિટીની મુલાકાત લઈ સમીક્ષા બેઠક યોજી

સાયન્સ સિટીની મુલાકાત અનેરો અવસર અને કાયમી યાદગીરી બને તેવી આનુષાંગિક વ્યવસ્થાઓ વિકસાવવા માર્ગદર્શન આપ્યું

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી નિર્માણ થયેલા સાયન્સ સિટીની ઉત્તરોત્તર વધતી લોકપ્રિયતાના સંદર્ભમાં આગામી સમયમાં નવા ઈનોવેટિવ આકર્ષણો જોડવા માટેના આયોજનની સમીક્ષા કરી હતી. વડાપ્રધાનએ વિજ્ઞાન સાથે લોકસમુહને જોડવા અને બાળકો-યુવાઓ સૌ કોઈને મનોરંજન સાથે જ્ઞાન તથા નવા વૈજ્ઞાનિક શોધ-સંશોધનની જાણકારી એક જ સ્થળેથી મળી રહે તે માટે ૧૦૭ હેક્ટર વિસ્તારમાં આ વર્લ્ડક્લાસ સાયન્સ સિટીનું નિર્માણ ૨૦૦૧માં કરાવેલું છે. આ સાયન્સ સિટીએ વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે ખાસ કરીને બાળ વિદ્યાર્થીઓમાં અનેરૂ આકર્ષણ અને જિજ્ઞાસા જગાવ્યા છે. સાયન્સ સિટીમાં વિવિધ ગેલેરીઝ અને પાર્કસ ઉભા કરીને ટેકનોલોજી યુક્ત અભિગમ સાથે લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચિ વધે અને ગમ્મત સાથે જ્ઞાન વર્ધન થાય તેવો અભિગમ રાખવામાં આવ્યો છે. દર વર્ષે એક-એક નવીન ગેલેરી સાયન્સ સિટીમાં નિર્માણ કરવામાં આવે છે. આ સાયન્સ સિટીમાં હાલ મ્યુઝિકલ ફાઉન્ટન, રોબોટિક્સ ગેલેરી, એક્વાટીક ગેલેરી, પ્લેનેટ અર્થ અને લાઈફ સાયન્સ પાર્ક જેવા આકર્ષણો મુલાકાતીઓને રોમાંચકારી અનુભવ કરાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયન્સ સિટીમાં પ્રવર્તમાન ગેલેરીઝ અને વિવિધ પ્રોજેક્ટસની વિશેષતાઓ તથા તેને વધુ સુવિધા સભર બનાવવા અંગે પણ સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયન્સ સિટીમાં બીજા ફેઈઝનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૧માં ઉદઘાટન કર્યા બાદ હવે આગામી સમયમાં જે વધુ નવીનતા સભર આકર્ષણો ઊભા કરવાનું આયોજન છે તેની પણ વિસ્તૃત માહિતી મેળવી હતી. સાયન્સ સિટીમાં હાલના મ્યુઝિકલ ફાઉન્ટેનના અપગ્રેડેશન અને વધુ આકર્ષક બનાવવા સાથે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું નિર્માણકાર્ય અગ્રિમ તબક્કામાં છે. હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ ગેલેરી તેમજ એવીએશન એન્ડ ડિફેન્સ ગેલેરીનું નિર્માણ અંદાજે કુલ રૂા.૭૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું પ્રાથમિક આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત સાયન્સ ટાવર અને બાયોડાઈવર્સિટી પાર્ક પણ ઊભા કરવામાં આવશે. આ સમીક્ષા બેઠકમાં પ્રેઝન્ટેશન દરમ્યાન જણાવવામાં આવ્યું કે, સાયન્સ સિટીની મુલાકાતે આવનારા લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે.

ગુજરાત રાજ્ય થી મહારાષ્ટ્ર જતી એસ ટી બસો રોકી દેવાઈ

અમદાવાદ, તા.૨

મહારાષ્ટ્રના મરાઠા આંદોલનની અસર હવે છેક ગુજરાતમાં પડી છે. વાત જાણે એમ છે કે, ગુજરાતની એસટી સેવા પર મરાઠા આંદોલનની અસર થઈ છે. ગુજરાતથી મહારાષ્ટ્ર જતી બસોને રોકી દેવામાં આવી છે. વિગતો મુજબ મહારાષ્ટ્ર જતી બસ સાપૂતારામાં અટકાવાઈ છે. આંદોલનકારીઓ બસને નુક્સાન કરતા હોવાથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ હવે મહારાષ્ટ્ર જતાં મુસાફરો અટવાયા છે. મરાઠા આંદોલનને કારણે હવે ગુજરાતની આંતરરાજ્ય બસ સેવા પર અસર પડી છે. વિગતો મુજબ ગુજરાત રાજ્યથી મહારાષ્ટ્ર જતી એસ ટી બસો રોકી દેવાઈ છે.

CHANGE OF NAME

I SAGUFTA SAKIR VIDHA, I HAVE CHANGE MY OLD NAME FROM SAGUFTABANU SAKIR VIDHA TO MY NEW NAME SAGUFTA SAKIR VIDHA. PLESE NOTE THAT NOW ON WARD I WILL BE KNOWN AS PER MY NEW NAME.

: ADDRESS :
ROYAL RESIDENCY 4TH FLOOR, KEVADA
VADI, DIST. JUNAGADH- 362001

CHANGE OF NAME

I MUDASSIR SAKIRBHAI VIDHA, I HAVE CHANGE MY OLD NAME FROM MUDASSIR MOHAMMAD SAKIR VIDHA TO MY NEW NAME MUDASSIR SAKIRBHAI VIDHA. PLESE NOTE THAT NOW ON WARD I WILL BE KNOWN AS PER MY NEW NAME.

: ADDRESS :
ROYAL RESIDENCY 4TH FLOOR, KEVADA
VADI, DIST. JUNAGADH- 362001

જૂનાગઢનાં આંગણે ભારતની પ્રખ્યાત અવકાશ વિજ્ઞાન સંસ્થા ઈસરોનું સ્પેસ પ્રદર્શન

ઐતિહાસિક બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ બની યજમાન, ત્રિ-દિવસીય પ્રદર્શનને આવતીકાલ તા.૩ નવેમ્બરે ખુલ્લું મુકાશે

જૂનાગઢ, તા.૨

જૂનાગઢના આંગણે ઐતિહાસિક બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ ખાતે આવતીકાલ તા.૩, ૪ અને ૫ નવેમ્બર-૨૦૨૩ના દરમ્યાન ઈસરોના અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટર - SAC દ્વારા વિક્રમ સારાભાઈ એક્ઝિબિશન રાખવામાં આવેલ છે. ચંદ્રયાન ૩ની સફળતા બાદ આદિત્ય એલ વન સુધીની અને ભવિષ્યની ઈસરોની સિધ્ધિ યાત્રા આ એક્ઝિબિશનમાં આવરી લેવાયેલ છે. ઈસરો દ્વારા અવકાશમાં ચલાવાયેલા ઉપગ્રહો, તે માટે બનાવેલા રોકેટો તેના ઈન્ટરેક્ટિવ મોડલ્સ બધું આ પ્રદર્શનમાં જોવા મળશે. જે બાળકોથી માંડી સૌ કોઈ માટે ખૂબ રસપ્રદ અને જ્ઞાનપ્રદ બની રહેશે. અંદાજીત ૧૫૦૦૦ જેટલા સ્કૂલ કોલેજના મુલાકાતી આવનાર છે. જાહેર જનતા માટે પણ આ પ્રદર્શન ખુલ્લું જ રહેશે. ખાસ કરીને આ પ્રદર્શન તા.૫ નવેમ્બરનાં જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. છે. આ પ્રદર્શન તા.૩મી નવેમ્બરનાં રોજ સવારે ૧૦ કલાકે SAC ઈસરો અમદાવાદનાં ડાયરેક્ટર અને મુખ્ય મહેમાન એન.એમ.દેસાઈ દ્વારા ખુલ્લું મૂકાનાર છે. જે પ્રસંગે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.ડો.ચેતન ત્રિવેદી, જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર વી.પી. ચોવટીયા અને જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા અતિથિ વિશેષ તરીકે હાજર રહેશે. તેમ પ્રો.ડો.આર.પી. ભટ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે.

જૂનાગઢ જીલ્લા સબજેલના બંદીવાનો યોગથી તણાવ મુક્તિ તરફ શિબીર યોજાઈ

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લા સબજેલના કેદીઓને તા.૨જી ઓક્ટોબર ગાંધી જયંતીથી તા.૩૧ ઓક્ટોબર સુધી એટલે કે, અહિંસાથી એકતા તરફ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ સુધી નિયમિત નવ ચેતના યોગ શિબિરના માધ્યમના યોગાભ્યાસ કરી જેલના બંદીવાન કેદીઓને યોગથી તણાવ મુક્તિ તરફ આગળ વધ્યા છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા કો-ઓર્ડીનેટર ચેતનાબેન ગજેરા, જિલ્લા જેલ અધિક્ષક વાળા તેમજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગકોચ અને યોગ ટ્રેનરોએ પૂરા ભાવથી યોગાભ્યાસ યોગ- આસન -ધ્યાન અને પ્રાણાયામ દ્વારા હકારાત્મક ઊર્જાનો સંચાર થયો છે. આ માટે જિલ્લા જેલના સ્ટાફે પણ પૂરો સહયોગ આપ્યો હતો.

જૂનાગઢ જીલ્લામાં સરકારી કચેરીઓમાં રેકોર્ડ વર્ગીકરણ કામગીરી હાથ ધરાઈ

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જુદી જુદી સરકારી કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સાથે જૂના ભંગાર અને વાહનોના નિકાલની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સફાઈ ઝુંબેશના ભાગરૂપે જૂનાગઢ શહેર તથા ગ્રામ્ય, વંથલી, માણાવદર, માંગરોળ, વિસાવદર મેંદરડા, માળીયા, ભેસાણ અને કેશોદ ખાતેની તાલુકા પંચાયત કચેરીઓમાં રેકોર્ડ વર્ગીકરણની કામગીરી કરવામાં આવી હતી. આ સાથે જુના ભંગાર અને વાહનોના નિકાલ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા તિજોરી કચેરી ખાતે પણ આ પ્રકારે રેકર્ડ વર્ગીકરણ સહિતની કામગીરી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત તા.૪-૧૧-૨૦૨૩ સુધી જૂનાગઢ જિલ્લાની સરકારી કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણ સહિતની કામગીરી હાથ કરવામાં આવશે. સ્વચ્છતા હી સેવા અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જરૂરી સંકલન કરવામાં આવી રહ્યું છે.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સફાઈ ઝુંબેશ : ૩૨ ટન કચરાનો કરાયો નિકાલ

મહાનગર સેવા સદન ખાતે કચેરીના રેકર્ડ વર્ગીકરણ સાથે સફાઈ કરાઈ

જૂનાગઢ, તા.૨

સ્વચ્છતા હી સેવા અભિયાનના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૮માં મહાલક્ષ્મી મંદિર અને તેની આસપાસ ઉપરાંત દિવાન ચોક, ઉપરકોટ રોડ, મહાવીર સોસાયટી અને જગમાલ ચોક ખાતે સફાઈ હાથ ધરવામાં આવી હતી. આ સાથે જૂનાગઢ મહાનગર સેવા સદન ખાતે કચેરીના રેકોર્ડ વર્ગીકરણ કરવાની સાથે સફાઈ પણ કરવામાં આવી હતી. શહેરના વોર્ડ નંબર ૧ થી ૧૫માં સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ હાજાભાઈ ચુડાસમા, પર્યાવરણ ઈજનેર રાજુભાઈ ત્રિવેદી અને વિનાયકભાઈ વોર્ડ પ્રભારીની દેખરેખમાં આ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. આ સફાઈ અભિયાનમાં કચરા, સીએનડી વેસ્ટ અને જાડી જાખરા સહિત આશરે ૩૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં ૩ ટ્રેકટર, ૧ જેસીબી અને ૧ સુપડીની મદદ દ્વારા આ કચરાનો નિકાલ કરાયો હતો.

માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા જૂનાગઢના ચાર વિદ્યાગુરૂશ્રીઓ સેવા નિવૃત થયા

જૂનાગઢ, તા.૨ : જૂનાગઢ જિલ્લાની સૌથી મોટી ગ્રાન્ટેડ શાળાઓ પૈકીની સર્વશ્રેષ્ઠ શાળા એવી માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિરના ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર શ્રી એમ.ડી. ઠૂંમર, વિદ્યાગુરૂઓ વી.એસ. સાવલિયા અને આર.એચ.બોડાત તેમજ જુનિયર ક્લાર્ક બી.વી. ચોથાણી વય મર્યાદાના કારણે સેવા નિવૃત થતાં શાળામાં ભાવનાત્મક માહોલ છવાયો હતો. શાળાના વિદ્યાગુરૂઓના નિવૃતિ દિવસે વિદ્યાર્થિનીઓએ અવિરત પુષ્પવર્ષાથી ભીંજવી દીધા હતા. આ વેળાએ વિદ્યાર્થિનીઓ સાથેના આત્મીય માહોલથી ભાવુક દ્રશ્યો સર્જાયા હતાં. આ વિદ્યાગુરૂઓએ એક જ શાળામાં લગભગ ૩૦ કરતાં પણ વધુ વર્ષો સુધી શિક્ષણ ઉપરાંત સામાજિકક્ષેત્રે પણ પોતાની અવિરત સેવા નિષ્ઠાપૂર્વક બજાવી છે. આ શાળા અને સંસ્થાના વિકાસમાં આ વિદ્યાગુરુશ્રીઓનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. આ શાળામાં અભ્યાસ કરનાર હજ્જરો દીકરીઓ આજે વિશ્વ લેવલે જુદા-જુદા ક્ષેત્રોમાં પોતાની અમૂલ્ય સેવાઓ આપી રહી છે જેમાં આ વિદ્યાગુરૂઓનું યાદગાર પ્રદાન રહ્યું છે. શાળાના આ વિદ્યાગુરૂઓના પારિવારિક માહોલમાં યોજાયેલ વિદાયમાન સમારોહમાં નેશનલ એવોર્ડ વિભૂષિત આ શાળાના પૂર્વ આચાર્યા પ્રભાબેન પટેલ, દાત્રાણા સ્કૂલના પૂર્વ આચાર્ય અરજણભાઈ ડોબરિયા, પોરબંદર ડાયેટના પ્રાધ્યાપક ડો. મનસુખભાઈ વેકરીયા, બોડેલી કોલેજના પ્રિન્સિપાલ ડો. હસમુખભાઈ કોરાંટ, શાળાના આચાર્યા જયશ્રીબેન રંગોલિયા સહિત તમામ સ્ટાફગણ પરિવાર સાથે સહભાગી થયા હતાં. આ તકે નિવૃત થનાર વિદ્યાગુરૂઓનું અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું અને તેઓના સફળ જીવન માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ગીર સોમનાથ જીલ્લાના પ્રાંચી મુકામે

વિવિધ લોક કલ્યાણ કાર્યોના લોકાર્પણ અને ખાતમુર્હુત ધારાસભ્ય ભગવાન બારડના હસ્તે કરાયા

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા.૨

ગીર સોમનાથ જિલ્લાના પ્રાંચી મુકામે વિવિધ લોક કલ્યાણ કાર્યોના લોકાર્પણ અને ખાતમુર્હુત ધારાસભ્ય ભગવાન બારડના હસ્તે કરવામાં આવ્યા. લોકો દ્વારા સૂચવેલ કામોમાં બે કામો લોક સહયોગથી કરવાના થતા હોય.આજ રોજ પોતાના જન્મદિવસ પર માધવ મુક્તિધામ પ્રાચી (તીર્થ) ખાતે મુખ્ય પ્રવેશદ્વાર બંધાવવું અને સ્મશાન માટે ઈલેક્ટ્રીક બ્લોવર નંગ ૨ સ્વ.ધાનાભાઈ માંડાભાઈ બારડ પરિવાર તરફથી આપી પોતાના જન્મદિવસે લોકોની અનુમતિ લઈ મુખ્ય દાતા બન્યા. આ સીવાય લોકઉપયોગી કામો માટે આ વર્ષની ૫ લાખની ગ્રાન્ટ મુક્તિધામના કમ્પાઉન્ડ વોલ માટે ફાળવી. જ્યારે બાકીના કામો વિકાસગ્રાન્ટ અંતર્ગત પૂર્ણ કરવાની તૈયારી દર્શાવી. જન્મ દિવસ ઉપર મોક્ષના ધામ એવા મુક્તિધામની કાયા પલટ કરવાના સદભાગ્ય માટે ધારાસભ્યે પોતાને નિમિત્ત બનવાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

બ્રહ્મ સમાજ દ્વારા અંબાજી ખાતે

અંબાજી ૫૧ શક્તિપીઠ પરિક્રમા ખાતે કોરોના વખતે બંધ થયેલ માતાજીનો રાજભોગ ફરીથી ચાલુ કરવા આવેદનપત્ર અપાયું

સનાતન ધર્મમાં શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે : હેમાંગ રાવલ

(પ્રતિનિધિ દ્વારા)

અંબાજી, તા.૨

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા, સર્વ સમાજ, પરશુરામ પરિવાર, માઈ ભક્તો અને અંબાજીના સ્થાનિકો દ્વારા આજ રોજ અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠમાં સનાતન ધર્મનો વૈદિક અને શાસ્ત્રોક્ત પદ્ધતિ મુજબ પરિક્રમાના ૫૧ મંદિરોમાં રાજભોગ ધરાવવામાં આવ્યો હતો તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, કલેકટર શ્રી બનાસકાંઠાને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી કે, ૫૧ શક્તિપીઠ મંદિરમાં માતાજીની આસ્થા સમાન રાજભોગની કાયમી વ્યવસ્થા કરવામાં આવે તથા ૫૧ શક્તિપીઠમાં પૂજારીઓની સંખ્યા એક મંદિર દીઠ એક કરવામાં આવે અને પૂજારીઓને પગાર લઘુત્તમ વેતન ધારા મુજબ આપવામાં આવે તથા મુખ્ય મંદિરમાં માઈ ભક્તો દ્વારા જે સાડીઓ ધરાવાય છે તે સાડીઓ અને વસ્ત્રનું એ પ્રમાણે આયોજન કરાય કે જેથી કરીને આ પ્રાણ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓમાં પણ રોજ વસ્ત્ર બદલાય અને માતાજીને શૃંગાર કરવામાં આવે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ - રાજ્યકક્ષાના ટ્રસ્ટી અને સનાતન ધર્મ પ્રેમી હેમાંગ રાવલ અને ઉપપ્રમુખ ડામરાજી રાજગોરે અંબાજી ખાતે મોટી સંખ્યામાં સ્થાનિકો, સર્વસમાજના આગેવાનો, પરશુરામ પરિવાર અને માઈ ભક્તોને સાથે રાખીને આવેદન પત્ર આપીને રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા ૬૧ પેટા મંદિરો (૫૧ શક્તિપીઠ સહિત) દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવેલ છે. ૫૧ શક્તિપીઠ મંદિરનું ઉદઘાટન ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલ હતું. આ મંદિરોમાં કોરોના પહેલા માતાજીને વિધિવત રીતે ભોજન થાળ ધરાવવામાં આવતો હતો પરંતુ કોરોના દરમ્યાન મહામારીના બહાને ઉપરોક્ત રાજભોગ થાળ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બંધ કરી દેવામાં આવેલ હતો ત્યારબાદ માઈ ભક્તોની વારંવાર રજૂઆત બાદ પણ આ રાજભોગ ધરાવાની વિધિ વિધાન હજુ પણ શરૂ કરવામાં આવેલ નથી.

બ્રહ્મ સમાજ અને માઈ ભક્તો તથા લોકલ સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆત કર્યા પછી માત્ર ૮૦ ગ્રામ મોહનથાળનું ચોસલું ધરાવવાનું ચાલુ કરવામાં આવેલ છે પરંતુ આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે ભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. થાળ તો ઠીક પરંતુ માતાજીના વસ્ત્રો પણ રોજ શણગારીને બદલવામાં નથી આવતા. ઉપરોક્ત કુલ ૬૧ પેટા મંદિરોમાં માત્ર ૩૫ પુજારી સેવા આપી રહ્યાં છે. આ પેટા વિભાગના મંદિરોના પૂજારીઓને પગાર પણ માત્ર ૫૦૦૦ રૂપિયા આપવામાં આવે છે જે લઘુત્તમ વેતન ધારાથી પણ ઓછો છે.

અંબાજીમાં પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા લાઈટ એન્ડ સાઉન્ડ શો માં એમ કહેવામાં આવે છે કે ઉપરોક્ત ૫૧ શક્તિપીઠમાં વિધિ વિધાનથી પૂજા થાય છે અને જે પ્રમાણે અસલ શક્તિપીઠમાં પૂજા કરવામાં આવે છે એ જ પ્રમાણે પૂજા કરવામાં આવે છે પરંતુ હકીકત એ છે કે વિધિ વિધાનનો સૌ પ્રથમ નિયમ એ માતાજીને થાળ ધરાવવાનો હોય છે વળી આ ૫૧ શક્તિપીઠ મંદિરોમાં માત્ર ૩૪ પૂજારી હોવાથી વિધિ વિધાનથી વિધિઓ અને વસ્ત્ર બદલવાની શૃંગાર કરવાનું પણ અઘરૂ બની ગયું છે. અમો સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા, સર્વ સમાજ, પરશુરામ પરિવાર અને અંબાજીના સ્થાનિકો તથા માઈ ભક્તોની રજૂઆત છે કે ૫૧ શક્તિપીઠ મંદિરમાં માતાજીની આસ્થા સમાન રાજભોગની કાયમી વ્યવસ્થા કરવામાં આવે તથા ૫૧ શક્તિપીઠમાં પૂજારીઓની સંખ્યા એક મંદિર દીઠ એક કરવામાં આવે અને પૂજારીશ્રીઓનો પગાર લઘુત્તમ વેતન ધારા મુજબ આપવામાં આવે તથા મુખ્ય મંદિરમાં માઈ ભક્તો દ્વારા સાડીઓ ધરાવાય છે તે સાડીઓ અને વસ્ત્રનું એ પ્રમાણે આયોજન કરાય કે જેથી કરીને આ પ્રાણ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓમાં પણ રોજ વસ્ત્ર બદલાય અને ભાવિકજનો શ્રદ્ધાપૂર્વક શૃંગાર દર્શન કરી શકે તેવી આવેદન પત્ર દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

આવેદન પત્ર દ્વારા રજુઆતમાં, પરશુરામ પરિવાર, સમસ્ત સમાજ, અંબાજીના સ્થાનિકો સહિત દિનેશ હીરાલાલ મહેતા પરશુરામ પરિવાર, શ્રી તુલસીભાઈ જોશી, સંજયભાઈ શર્મા, દુષ્યંતભાઈ આચાર્ય, પ્રદીપભાઈ ભોજક, સુનિલભાઈ બ્રહ્મભટ્ટ, સંજયભાઈ ત્રિવેદી, સૌમિલ રાવલ, જીતુભાઈ મહેતા સહિત મોટી સંખ્યામાં માઈ ભક્તો હાજર રહ્યા હતા.

તાલાલા વિધાનસભાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના જન્મદિવસની અનોખી ઉજવણી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૨

તાલાલા, સુત્રાપાડા વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના જન્મદિવસ નિમિતે તા ૧-૧૧-૨૦૨૩ ના રોજ તેમના સમર્થકો દ્વારા તાલાલા તાલુકાના તમામ ગામોમાં ઉજવણી કરવામાં આવી, તાલાલા ખાતે હોટલ હાર્મોનીમાં તાલાલા તાલુકાના ૧૬ ગામોની ગૌશાળામાં સરપંચ અને ગૌ શાળા પ્રમુખને સાથે રાખીને આગેવાનો અને સમર્થકો દ્વારા ઉજવણી કરી જેમાં તમામ ૧૬ ગામની દરેક ગૌશાળાને રૂા.૧૧૦૦૦/- અનુદાન આપી અનોખી રીતે ઉજવણી કરી અને સમર્થકો દ્વારા ધારાસભ્યનું દીર્ઘ આયુષ્ય, તંદુરસ્ત રહે અને સમાજ સેવાના અવિરત કર્યો કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. જેમાં ઉમરેઠી, માલજીંજવા, ગાભા, ઘુસીયા, ધણેજ, જેપુર, રમળેચી, વીરપુર, બોરવાવ, આંકોલવાડી, તાલાલા, પીપળવા, ધાવા, જસાધાર, ગુંદરણ, આંબળાસ વગેરે ગામોમાં અનુદાન આપવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

દરેક સ્તર પર અર્થવ્યવસ્થાનું ડીઝીટલકરણ મોદી સરકારનું આવકારદાયક પગલું

મોદી સરકાર દરેક સ્તર પર અર્થવ્યવસ્થાને ડિજિટલ કરી રહી છે. આ દિશામાં એક મોટું કાર્ય દેશના જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ ચાલી રહ્યું છે. તે પૂરું થતાં જમીન વિવાદ, કેસબાજી, જમીન સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના મોટાભાગના કેસો ખતમ થઈ જશે. ઉત્તર પ્રદેશની દેવરિયાની ઘટનાને તાત્કાલિક રૂપે ભલે જમીન વિવાદ, પરસ્પર વિખવાદ અને પ્રશાસનિક લાપરવાહી માનવામાં આવે, પરંતુ મૂળ રૂપે તેના માટે દેશનું ખરાબ જમીન વ્યવસ્થાપન જ જવાબદાર કહી શકાય. એ જ કારણ છે કે દેવરિયા જેવી ઘટનાઓ દેશમાં છાશવારે બનતી રહે છે. દેશનું જમીન વ્યવસ્થાપન ખરાબ નક્શા, હસ્તલિખિત રેકોર્ડમાં ફેલાયેલ છે અને આ જ કાનૂની વિવાદો અને ભ્રષ્ટાચારનું મૂળ છે. ઉપગ્રહ અને કૃત્રિમ મેધાના આ યુગમાં પણ ભારતનું ભૂ-સંસાધન એ કાનૂનોથી ચાલે છે, જે અંગ્રેજો આપણને આપી ગયા હતા. ઉલ્લેખનીય છે કે અંગ્રેજોએ મહેસૂલ વિભાગ અને જમીન નોંધણીની બેવડી વ્યવસ્થા લાગુ કરી હતી, કારણ કે તેમનો ઉદ્દેશ્ય મહેસૂલ એકત્ર કરવાનો હતો. કેટલીય ખામીઓ ભરેલી આ વ્યવસ્થા આજે પણ ચાલુ છે. આ જ કારણ છે કે ભારત જમીનના કેસોનો મહાસાગર બની ગયું છે. ન્યાયાલયોમાં સિવિલના જેટલા પણ કેસો છે, તેમાં ૬૬ ટકા જમીન કે સંપત્તિ વિવાદના છે. નીતિ પંચના એક રિપોર્ટ અનુસાર જમીન વિવાદને હલ કરવામાં સરેરાશ ૨૦ વર્ષ લાગે છે. તેનાથી અદાલતો પર તો બોજ વધે જ છે, કેસોમાં બહુમૂલ્ય જમીન પણ ફસાઈ જાય છે, જેનાથી ઉદ્યોગો અને પરિયોજનાઓ માટે જમીનની ઉપલબ્ધતા પ્રભાવિત થાય છે.

જમીન રેકોર્ડના આધુનિકીકરણ માટે ૨૦૦૮માં રાષ્ટ્રીય ભૂમિ અભિલેખ આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ રાજકીય ઈચ્છાશક્તિની ઉણપ, સરકારોની અરુચિ, પ્રશાસનિક શિથિલતા વગેરેને કારણે યોજના કાગળિયા પરથી આગળ ન વધી શકી. જમીનને લઈને વધતા વિવાદ, ભ્રષ્ટાચાર અને કેસબાજીની સમસ્યાથી સ્થાયી સમાધાન માટે મોદી સરકારે ૨૦૧૬માં ડિજિટલ ઈન્ડિયા ભૂમિ રેકોર્ડ આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કર્યો. આ પ્રોગ્રામના ત્રણ ઘટક છે - જમીન રેકોર્ડ્સનું કમ્પ્યૂટરીકરણ, રજિસ્ટ્રીનું કમ્પ્યૂટરીકરણ અને જમીન રેકોર્ડ્સ સાથે તેનું એકીકરણ. તે અંતર્ગત જમીનના પ્રત્યેક ટુકડા કે ભૂખંડને ૧૪ અંકોની વિશિષ્ટ ઓળખ સંખ્યા અપાઈ રહી છે. વિશિષ્ટ ભૂખંડ ઓળખ સંખ્યા એક પ્રકારે ભૂખંડના આધાર નંબર જેવી છે. એક વર્ષમાં નવ કરોડ ભૂખંડોને ભૂ-આધાર નંબર આપવામાં આવ્યો. આ નંબરને બેંકો અને ન્યાયાલયો સાથે પણ જોડવામાં આવે છે.

ભૂ-આધારનો સૌથી મોટો લાભ એ છે કે જ્યારે પણ કોઈ જમીનનું ખરીદ-વેચાણ થશે, ત્યારે ખરીદનાર અને વેચનારની સંપૂર્ણ વિગતો સામે હશે. તેનાથી એ જમીન સંબંધિત કોઈ વિવાદ કે દેણદારી હશે તો તેની ખબર પડી જશે. આના પહેલાં દસ્તાવેજોની નોંધણી મેન્યુઅલ થતી હતી, પરંતુ હવે તે ઈ-રજિસ્ટ્રેશન રૂપે થવા લાગ્યું છે. જો આ જમીનના આગળ જઈને ભાગલા પણ થાય તો એ જમીનના આધાર નંબર અલગ-અલગ થઈ જશે. જમીનનો ડિજિટલ રેકોર્ડ હોવાને કારણે સૌથી પહેલાં જમીનની વાસ્તવિક સ્થિતિ ખબર પડી જશે, કારણ કે જમીનની માપણી ડ્રોન કેમેરાથી થશે, જેનાથી ભૂલની આશંકા નહિવત રહેશે. જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ જમીન માલિકીનો મુખ્ય દસ્તાવેજ હશે, જેની સાથે છેડછાડ નહીં કરી શકાય. જમીન રેકોર્ડની વિશ્વસનીયતા વધવાથી લોકો વધુ ભરોસા સાથે ખરીદ-વેચાણની પ્રક્રિયામાં ભાગ લઈ શકે. ઓગસ્ટ ૨૦૨૩ સુધી દેશના ૯૪.૭૨ ટકા ગામડાંની ખેતી જમીનનો રેકોર્ડ જિટિલ થઈ ચૂક્યો છે. આ જ રીતે મહેસૂલ જમીનના ૭૬.૬૮ ટકા નકશા પણ ડિજિટલ થઈ ગયા છે. મોદી સરકારે માર્ચ ૨૦૨૪ સુધીમાં દેશના તમામ ગામોની જમીનનો રેકોર્ડ ડિજિટલ કરવાનું લ-ય મૂક્યું છે. જમીન રેકોર્ડ સુધી પહોંચમાં એક મોટી અડચણ ભાષાની રહી છે, કારણ કે તમામ રેકોર્ડ કાં તો હિંદીમાં હોય છે કે અંગ્રેજીમાં. આ સમસ્યા દૂર કરવા માટે સરકારે જમીન રેકોર્ડને ૨૨ ભારતીય ભાષાઓમાં રેકોર્ડ કરવાની યોજના બનાવી છે. તેનાથી જમીનના વિવરણ ઉપરાંત તેના માલિકી હક્કની પણ તપાસ કરી શકાશે. તેનાથી જમીનના રેકોર્ડમાં હેરફેર કરીને વિવાદની આશંકા ખતમ થઈ જશે. જ્યારે આ વ્યવસ્થા આખા દેશમાં લાગુ થઈ જશે, ત્યારે મોટાભાગના જમીન વિવાદ ખુદ ઉકલી જશે.

દેશભરમાં અત્યાર સુધી ૫૩૦૦ જમીન રેકોર્ડ કાર્યાલયોનું કમ્પ્યૂટરીકરણ થઈ ચૂક્યું છે. જલ્દી સરકાર ડિજિટલ જમીન રેકોર્ડને અદાલતો સાથે જોડી દેશે. ઈ-કોર્ટને જમીન રેકોર્ડ અને રજિસ્ટ્રેશન ડેટાબેઝ સાથે જોડવાના કેટલાય લાભ હશે. એનાથી જમીનની માલિકી અને ઉપયોગ સંબંધિત વિવાદોને ઉકેલવામાં મદદ મળશે. જમીન વિવાદ ઓછા થશે. અદાલતોમાં જમીન વિવાદના કેસોનો જલ્દી નિકાલ થશે. એટલું જ નહીં, અટકેલી પરિયોજનાઓને કારણે દેશની અર્થવ્યવસ્થાને થનારા નુક્સાનમાં પણ ઘટાડો થશે. જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ અને વિભિન્ન સરકારી વિભાગો સાથે તેના જોડાણથી કલ્યાણકારી યોજનાઓના યોગ્ય અલમમાં પણ સહાયતા મળે છે. પૂર અને આગ જેવી આપદાઓને કારણે દસ્તાવેજોના નુક્સાનની સ્થિતિમાં પણ તે બહુ સહાયક રહેશે. કુલ મળીને જમીન વિવાદ હોય કે દરેક સ્તર પર વચેટિયાઓની હાજરી, આ સમસ્યાઓનું સમાધાન ત્યારે જ થશે જ્યારે દેશની અર્થવ્યવસ્થા ડિજિટલ હોય. આપણી અર્થવ્યવથા ડિજિટલ હોવાનું પરિણામ છે કે આજે વિશ્વના કુલ ડિજિટલ લેવડદેવડના ૪૬ ટકા ભારતમાં થાય છે.

ગુજરાત ભાજપે ૭૫ કારના કાફલાએ એકસાથે ૧.૫ લાખ કિલોમીટરનો પ્રવાસ કર્યો

અમદાવાદ,તા.૨

મેરી માટી-મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત આયોજિત અમૃત કળશ યાત્રામાં ગુજરાત ભાજપે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. પાર્ટી વતી ગુજરાતના ૧૮૨ વિધાનસભા ગામોની માટી ઈલેક્ટ્રિક કારના કાફલામાં દિલ્હી લઈ જવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન, ૭૫ કારના કાફલાએ એકસાથે ૧.૫ લાખ કિલોમીટરનો પ્રવાસ કવર કર્યો હતો. ગુજરાત ભાજપે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આયોજિત દેશવ્યાપી મેરી માટી-મેરા દેશ કાર્યક્રમમાં અનોખો રેકોર્ડ હાંસલ કર્યો છે. ભાજપે રાજ્યની ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી માટી એકઠી કરી અને અમૃત કલશને ઈલેક્ટ્રિક વાહનો (કાર)ના કાફલામાં દિલ્હી લઈ ગયા. ગુજરાતમાંથી દિલ્હીમાં રાષ્ટ્રીય કાર્યાલય પર પહોંચવા પર આપનું સ્વાગત છે. પાર્ટીએ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે આ સિદ્ધિ હાંસલ કરી હતી. આ સાથે પાર્ટીએ પીએમ નરેન્દ્ર મોદીના મિશન લાઈફનું લક્ષ્ય પૂરું કર્યું. અમૃત કલશ યાત્રા દરમિયાન પ્રદૂષણ થયુ ન હતું. આ સમય દરમિયાન, ૭૫ ઈવ કારના કાફલાએ એક સાથે અમદાવાદથી દિલ્હીનું અંતર કાપ્યું હતું. દરેક ઈલેક્ટ્રિક કારે વળતર સહિત ૨૦૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. આ પોતાનામાં એક રેકોર્ડ છે, જ્યારે દેશમાં એક સાથે આટલી ઈલેક્ટ્રિક કારોએ આટલું અંતર કાપ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ પર કેન્દ્ર સરકાર દ્વારા 'મેરી માટી મેરા દેશ' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ગુજરાતમાં 'અમૃત કલશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશને ધ્યાનમાં રાખીને ગુજરાતની ૧૮૨ વિધાનસભા મત વિસ્તારોમાંથી માટી એકત્ર કરવામાં આવી હતી અને તેને ગાંધીનગર લાવવામાં આવી હતી. આ પછી રિવરફ્રન્ટ પર એક મોટા કાર્યક્રમમાં અમૃતના કળશ દિલ્હી મોકલવામાં આવ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની આગેવાનીમાં અમૃત કલશને ઈલેક્ટ્રિક કારમાં દિલ્હી મોકલવામાં આવ્યા હતા. વડોદરા પાર્ટીના પ્રમુખ અને મેરી માટી-મેરા દેશ ઈવી કાર રેલીના પ્રભારી ડો.વિજય શાહે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની માટી ભઠ્ઠીમાં ભેગી કરવામાં આવી હતી. આ પછી ૨૯ ઓક્ટોબરે ગાંધીનગરથી ૭૫ ઈવ કારનો કાફલો દિલ્હી જવા રવાના થયો હતો. તે તદ્દન અલગ અનુભવ હતો. અમૃત કલશ યાત્રાની સાથે સાથે પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં પણ અમે સફળ રહ્યા. ગુજરાતના ગામડાઓમાંથી માટી લઈને ૭૫ ઈલેક્ટ્રિક કારનો કાફલો દિલ્હી પહોંચ્યો ત્યારે ત્યાં તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાજપના મધ્ય ગુજરાત મીડિયા ઈન્ચાર્જ સત્યેન કુલાબકરે જણાવ્યું હતું કે આ યાત્રા લોકોને પર્યાવરણ પ્રત્યે પ્રોત્સાહિત કરશે. લોકોમાં ઈવ કાર અને અન્ય વાહનોના ઉપયોગને પ્રોત્સાહિત કરશે. કુલાબકરે જણાવ્યું હતું કે આ પ્રવાસ દરમિયાન ઈવી કારને સમયાંતરે જરૂરિયાત મુજબ ચાર્જ કરવામાં આવી છે. દરેક ઈવ કારે ગુજરાતથી દિલ્હી અને પાછળ લગભગ બે હજાર કિલોમીટરનો પ્રવાસ કર્યો હતો. આ સ્થિતિમાં, ૭૫ ઈવ કારોએ ૧.૫ લાખ કિલોમીટરનું અંતર કાપ્યું. કુલાબકરે કહ્યું કે અમને પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ દ્વારા આ કાર્ય સોંપવામાં આવ્યું છે. તે હાંસલ કરવામાં અમે સફળ રહ્યા. અમે આ રેકોર્ડને રેકોર્ડ તરીકે રેકોર્ડ કરવા માટે નામાંકિત કરીએ છીએ.

કોર્ટ દ્વારા આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીને હુકમ કરાયો હતો

સુરતમાં ૭૮૦૦ કરોડના સટ્ટાકાંડમાં મોટો પર્દાફાશ

એકાદ વર્ષ પહેલાં ઈકોસેલે ૭૮૦૦ કરોડનું સટ્ટાકાંડ ડિંડોલીમાં રાજમહલ મોલમાં પકડી પાડ્યું હતું, આ ગુનામાં ઈકોસેલે બે દિવસ પહેલાં ૪ને પકડી પાડ્યા હતા

સુરત, તા.૨

સુરત શહેરમાં ૭૮૦૦ કરોડના સટ્ટાકાંડમાં ઝડપાયેલા ૪ આરોપીઓને જ્યુડીશ્યલ કસ્ટડી મોકલી આપવામાં આવ્યો છે. રિમાન્ડ પૂર્ણ થતાં આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા, જ્યાં નામદાર કોર્ટે આજે કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. દેશભરમાં ચકચાર મચાવનારા કરોડોના આ કૌભાંડની તપાસ ઈકો સેલને કરી રહી હતી. હાલ ઝડપાયેલા ચારે આરોપીઓને રિમાન્ડ પૂર્ણ થતા સુરત કોર્ટમાં રજૂ કરાયા હતા. કોર્ટ દ્વારા આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીને હુકમ કરાયો હતો. પોલીસ તપાસમાં ૭૮૦૦ કરોડના ઓનલાઈન ટ્રાન્જેક્શન મળી આવ્યા હતા. શિવ એન્ટરપ્રાઈઝ નામની ઓનલાઈન કાપડની ઓફિસની આડમાં ધમધમતા ઓનલાઈન સટ્ટાકાંડનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. એકાદ વર્ષ પહેલાં ઈકોસેલે ૭૮૦૦ કરોડનું સટ્ટાકાંડ ડિંડોલીમાં રાજમહલ મોલમાં પકડી પાડ્યું હતું. આ ગુનામાં ઈકોસેલે બે દિવસ પહેલાં ૪ને પકડી પાડ્યા હતા.ચકચારી સટ્ટાકાંડમાં પકડાયેલા આરોપીમાં ૧ બકુલ કિર્તીપાલ શાહ, ૨ હર્ષ કમલેશ શાહ, ૩ પાર્થ શૈલેષ જોષી, ૪ આકાશ પ્રવિણચંદ્ર પારેખ છે. ચારેયને ઈકોસેલે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતા. એક આરોપીનો ફોટો નેતાના પુત્ર સાથે છે. દુબઈમાં બેસી કિશન સટ્ટાંના કરોડોના હવાલા કરતો હતો. કિશને ૩૦થી ૪૦ હજારના પગાર પર ૪ જણાને નોકરીએ રાખ્યા હતા. કિશનના કહેવાથી ૪ આરોપી એક બેંક ખાતામાંથી બીજા બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર અંગે જણાવતો હતો. હજુ કિશન સહિત ૧૫ આરોપીઓ વોન્ટેડ છે. જેમાં મોટેભાગના આરોપી દુબઈ ભાગી ગયા હોવાની વાત છે. તે વખતે શરૂઆતમાં સૂત્રધાર સહિત ૪ પકડાયા હતા. જેમાં કુલ ૯ પકડાયા છે.

આરોપી પાસેથી બેંકોના ૭૬ ડમી ખાતાઓ પોલીસે ફ્રીજ કર્યા હતા. આરોપીના IDBI બેંકના ૩ ખાતામાંથી ૧૨૧૭ કરોડ ૮૦ લાખ ટ્રાન્જેક્શનો થયેલા હોવાની ચોંકાવનારી વિગતો મળી છે. સાથે ૧.૭૨ કરોડ ફ્રીઝ કર્યા હતા. હુઝેફાને ઓનલાઈન બેટીંગ એપમાં ગેરકાયદે લેવડદેવડ માટે બેંક ખાતાઓ નાણાકીય વ્યવહારો કરતો હતો. પોલીસે આરોપીના બેંકના ખાતાઓનું સ્ટેટમેન્ટ બેંકમાંથી કઢાવ્યું હતું. જેમાં માત્ર એક જ એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ૬૦૦ પાનાનું હતું. જે જોઈને પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા.જોકે આજે ઝડપાયેલા ૪ આરોપીઓને કોર્ટ માં રજૂ કરી રિમાન્ડ ની માંગણી નહિ કરતા જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે.

પીએમ મોદીની બે દિવસીય ગુજરાત મુલાકાત બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અચાનક દિલ્હીનાં પ્રવાસે

ગાંધીનગર,તા. ૨

હજી બે દિવસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે હતા. જેમાં ગુજરાતના મુખ્યમંત્રીને મળ્યા હતા. ત્યારે આ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અચાનક દિલ્હીથી બુલાવો આવ્યો છે. દિલ્હી દરબારથી બુલાવો આવતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી પહોંચ્યા છે. ૅસ મોદીની બે દિવસીય ગુજરાત મુલાકાત બાદ મુખ્યંમત્રીનો દિલ્હી પ્રવાસ અનેક ચર્ચા ઉભી કરે છે. મુખ્યમંત્રી હાલ દિલ્હીના ગરવી ગુજરાત ભવનમાં પહોંચ્યા છે. પરંતું મુખ્યમંત્રીની દિલ્હી મુલાકાતનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. આ વચ્ચે ગુજરાત ભાજપમાં આંતરિક રાજકારણ સપાટી પર આવ્યું છે. ગુજરાતના નેતાઓની દિલ્હી સતત આવનજાવન થતી રહે છે. પરંતું હજી પ્રધાનમંત્રી બે દિવસના ગુજરાત પ્રવાસ બાદ ગઈકાલે જ દિલ્હી જવા રવાના થયા છે. તેમણે આ પ્રવાસમાં રાજભવનમાં કેટલીક ગુપ્ત બેઠકો કરી હતી. પરંતુ તેમના દિલ્હી ગયા બાદ બીજા જ દિવસે મુખ્યમંત્રીને દિલ્હીથી બુલાવો આવવો એ અનેક પ્રશ્નો ઉભા કરે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને દિલ્હીથી તેડું આવ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. સાથે જ આ વખતે સીઆર પાટીલને દિલ્હીથી કોઈ બુલાવો આવ્યો નથી. મુખ્યમંત્રી એકલા જ દિલ્હી દરબારમાં પહોંચ્યા છે. તો આ પાછળ ભાજપની કઈ રાજકીય ચાલ હશે.

સરદાર પટેલ જયંતિએ રજા ન રાખનારી શાળાઓને નોટિસ

અમદાવાદ, તા.૨

સરદાર પટેલ જયંતીએ શાળા-કોલેજો અને સરકારી કચેરીમાં જાહેર રજા હતી. જો કે નવકાર, ફૈઝાન, શ્રેયસ અને લિટલ ફલાવર સ્કૂલમાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ઉજવણીના કાર્યક્રમો આપ્યા હોવાથી કેટલીક CBSE શાળાઓ પણ ચાલુ રહી હતી.

૩૧ ઓક્ટોબરે એટલે કે ગઈકાલે સરદાર પટેલ જયંતી હતી.સરદાર પટેલ જયંતી નિમિત્તો શાળા-કોલેજો અને સરકારી કચેરીઓમાં જાહેર રજા હતી. જો કે શહેરની કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓને જાહેર રજાના દિવસે પણ બોલાવ્યા હતા. ત્યારે જાહેર રજા હોવા છતાં સ્કૂલો ચાલુ રાખવા બદલ અને વિદ્યાર્થીઓને બોલાવનાર શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે.સરદાર પટેલ જયંતીએ શાળા-કોલેજો અને સરકારી કચેરીમાં જાહેર રજા હતી. જો કે નવકાર, ફૈઝાન, શ્રેયસ અને લિટલ ફલાવર સ્કૂલમાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ઉજવણીના કાર્યક્રમો આપ્યા હોવાથી કેટલીક CBSE શાળાઓ પણ ચાલુ રહી હતી, ત્યારે જાહેર રજાના દિવસે શાળા ચાલુ રાખવા બદલ જિલ્લા શિક્ષણ અધિકારીએ આ તમામ શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મોટાભાગના મનુષ્ય પોતાના અત્મશક્તિને ઓળખતા નથી

- અથર્વવેદ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૫, તા.૨ નવેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૭, આર્દ્રા નક્ષત્ર, શિવ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૫૮, સૂ.અ.૬:૧૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. કાર્યસફળતા માટે વિશેષ પુરૂષાર્થ કરવો પડે.
વૃષભ: ધંધાના નવા આયોજનમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
મિથુન: જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા સતાવે. માનસિક ઉચાટમાં વધારો થાય.
કર્ક: આકસ્મિક પ્રવાસ-મુસાફરીના યોગ છે. અગત્યના કાર્યોમાં પ્રગતિ થાય.
સિંહ: આકસ્મિક આફત આવી પડે. સ્વમાન ભંગ થયાનો અનુભવ થાય.
કન્યા: આર્થિક સમસ્યા તંગ બને. વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે.
તુલા: ઉત્સાહભર્યો દિવસ વ્યતિત થાય. આર્થિક બાબતોને લગતા કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક: મહત્વના કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.
ધન: આવક-જાવક સરભર રહે. જોખમપૂર્ણ કાર્યથી દૂર રહેવું.
મકર: કૌટુંબિક મતભેદો ઊભા થાય. ખર્ચનું પ્રામણ વધતું જણાય.
કુંભ: આર્થિક લાભ ઉઠાવી શકશો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. મન પ્રફુલિત રહે.

ગુગલે ઈયરબડ્સ-હેડફોનથી હૃદયના ધબકારા જાણી શકાય એવી ટેક્નોલોજી વિકસાવી

નવી દિલ્હી, તા.૨

વાયરલેસ ઈયરબડ અને હેડફોનનો ઉપયોગ દિવસેને દિવસે વધી રહ્યો છે. લોકો મીટિંગ, મેટ્રો, બસ સહિત દરેક જગ્યાએ આ ગેજેટ્સનો ઉપયોગ કરી રહ્યા છે. હિયરેબલ ગેજેટ્સના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને, ગૂગલે એક ટેક્નોલોજી વિકસાવી છે જેની મદદથી ઈયરબડ્સ અને હેડફોન દ્વારા હૃદયના ધબકારા જાણી શકશો. એટલે કે, મ્યુઝિક સાંભળવાની સાથે, તમે તમારા સ્વાસ્થ્યની સ્થિતિ પણ જાણી શકશો. આઈએએનએસના અહેવાલ મુજબ, ગૂગલના વૈજ્ઞાનિકોએ ઓડિયોપ્લેથિસ્મોગ્રાફી (એલપીજી)નું સફળ પરીક્ષણ કર્યું છે. આમાં, અલ્ટ્રાસાઉન્ડની મદદથી વ્યક્તિના હૃદયના ધબકારા સાંભળવામાં આવે છે. સારી વાત એ છે કે આ માટે કોઈ વધારાના સેન્સરની જરૂર નથી, તેથી સાંભળી શકાય તેવી બેટરી પર કોઈ અસર થતી નથી. ગૂગલના વૈજ્ઞાનિકોએ ૧૫૩ લોકો પર આ અભ્યાસ કર્યો અને લગભગ ૨ રાઉન્ડ પછી આ અનુભવ શેર કર્યો. સ્ટડી મુજબ, એપીજીસતત સચોટ હાર્ટ રેટ અને હાર્ટ રેટ વેરિએબિલિટી માપ મેળવે છે એટલે કે તેમાં બહુ ભૂલ નથી. ગૂગલના બ્લોગપોસ્ટ અનુસાર, કંપનીએ કહ્યું કે અમે લેટેસ્ટ એક્ટિવ ઈન-ઈયર હેલ્થ સેન્સિંગ પદ્ધતિ રજૂ કરી છે. એપીજીવધારાના સેન્સર ઉમેર્યા વિના અથવા બૅટરી સાથે સમાધાન કર્યા વિના, વપરાશકર્તાઓના હાર્ટ રેટ અને હાર્ટ રેટ વેરિએબિલિટી જેવા શારીરિક સંકેત પર દેખરેખ રાખવા માટે એએનસીસાંભળવા યોગ્ય બનાવે છે. ઓડિયોપ્લેથિસ્મોગ્રાફી થ્રેશોલ્ડની નીચે ૮૦ડીબીમાર્જિન સાથે સલામતી નિયમોનું પાલન કરે છે અને સીલની સ્થિતિથી પ્રભાવિત નથી. એપીજીકોઈપણ ટ્રૂ વાયરલેસ સ્ટીરિયો (ટીડબલ્યુએસ) એક્ટિવ નોઈઝ કેન્સલિંગ હેડફોનને એક સરળ સોફ્ટવેર અપગ્રેડ સાથે સ્માર્ટ સેન્સિંગ હેડફોનમાં બદલે છે અને યુઝરની વિવિધ પ્રવૃત્તિઓમાં કામ કરે છે. સેન્સિંગ કેરિયર સિગ્નલ સંપૂર્ણપણે ઇનઓડીબલ છે.

સાયન્સ સિટીમાં હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ અને એવીએશન એન્ડ ડિફેન્સ ગેલેરી ઉભી કરાશે

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ સાયન્સ સિટીમાં આગામી સમયમાં નવા ઈનોવેટિવ આકર્ષણો જોડવા માટેના આયોજનની સમીક્ષા કરી હતી.સાયન્સ સિટીમાં વિવિધ ગેલેરીઝ અને પાર્ક્સ ઉભા કરીને ટેકનોલોજી યુક્ત અભિગમ સાથે લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચિ વધે અને ગમ્મત સાથે જ્ઞાન વર્ધન થાય તેવો અભિગમ રાખવામાં આવ્યો છે. દર વર્ષે એક-એક નવીન ગેલેરી સાયન્સ સિટીમાં નિર્માણ કરવામાં આવે છે.આ સાયન્સ સિટીમાં હાલ મ્યુઝિકલ ફાઉન્ટેન, રોબોટિક્સ ગેલેરી, એક્વાટીક ગેલેરી, પ્લેનેટ અર્થ અને લાઈફ સાયન્સ પાર્ક જેવા આકર્ષણો મુલાકાતીઓને રોમાંચકારી અનુભવ કરાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયન્સ સિટીમાં પ્રવર્તમાન ગેલેરીઝ અને વિવિધ પ્રોજેક્ટસની વિશેષતાઓ તથા તેને વધુ સુવિધા સભર બનાવવા અંગે પણ સમીક્ષા કરી હતી. તેમણે સાયન્સ સિટીમાં આગામી સમયમાં જે વધુ નવીનતા સભર આકર્ષણો ઊભા કરવાનું આયોજન છે તેની પણ વિસ્તૃત માહિતી મેળવી હતી. સાયન્સ સિટીમાં હાલના મ્યુઝિકલ ફાઉન્ટેનના અપગ્રેડેશન અને વધુ આકર્ષક બનાવવા સાથે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું નિર્માણકાર્ય અગ્રિમ તબક્કામાં છે.હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ ગેલેરી તેમજ એવીએશન એન્ડ ડિફેન્સ ગેલેરીનું નિર્માણ અંદાજે કુલ ૭૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું પ્રાથમિક આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત સાયન્સ ટાવર અને બાયોડાઇવર્સિટી પાર્ક પણ ઊભા કરવામાં આવશે.

મધ્યપ્રદેશ : સિધી-સિંગરૌલીમાં ભૂતિયા જમીન માલિકો રેલવેને ૩૦૦ કરોડનો ચૂનો ચોપડી ગયા

(એજન્સી) તા.૨

મધ્યપ્રદેશમાં ભારતીય રેલ્વે જોડે રૂા.૩૦૦ કરોડના કૌભાંડ થયું છે. જેમાં ભૂતિયા દાવેદારો અને નકલી જમીન માલિકો તેમની માલિકીની ન હોય તેવી જમીનનું વળતર મેળવીને જતા રહ્યા છે. બનાવની વિગત એવી છે કે, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશને જોડવા ૫૪૧ કિ.મી. લલિતપુર-સિંગરૌલી રેલ્વે ટ્રેકને ૧૯૯૭-૯૮માં મંજૂર કરવામાં આવ્યો હતો. જે માટે ૨૦૧૬માં તત્કાલિન રેલ મંત્રી સુરેશ પ્રભુએ પ્રોજેક્ટ માટે રૂા.૬૬૭૨ કરોડ ફાળવ્યા હતા. મંત્રીએ તે જ વર્ષે સિધી રેલ્વે સ્ટેશનનો શિલાન્યાસ પણ કર્યો હતો. આજે સાત વર્ષ વીતી ગયા, ૪૫૦ કિ.મી.ના ટ્રેક માટે જમીન સંપાદનનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. હવે એપ્રિલ ૨૦૨૩ની રેલ્વેની સમીક્ષા રિપોર્ટ દર્શાવે છે કે જમીન સંપાદન અને વળતરમાં વ્યાપક ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યું છે. જેને કારણે સિધી અને સિંગરૌલી વચ્ચે લગભગ ૧૦૦ કિ.મી.નું કામ રોકી દેવામાં આવ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં, રેલ્વેએ મુખ્ય સચિવ, મુખ્ય સચિવ (મહેસૂલ) અને સિંગરૌલી જિલ્લા કલેક્ટરને ખરાઈ કરવા માટે પત્ર મોકલ્યો, જેમાં ઘણા ગામોના રેવન્યુ રેકોર્ડમાં ૬૦માંથી ૨૭ પ્લોટમાં વિસંગતતાઓ સામે આવી હતી. તપાસમાં માલૂમ પડ્યું કે. "આ પ્લોટના જમીન માલિકો તો સ્થાનિક છે પરંતુ જમીન ઉપર દર્શાવવામાં આવેલા મકાનો બહારના લોકોના છે.

એક કિસ્સામાં તો, જમીન અશોક કુમારની છે, પરંતુ તેની મિલકતમાં દર્શાવવામાં આવેલા ૧૯ ઘરો બહારના લોકોના છે. આ ૧૯ ઘરના બહારના લોકોને રૂા.૬.૫૯ કરોડનું વળતર આપવામાં આવ્યું છે. કેવી રીતે? આ વર્ષે જુલાઈમાં, રેલવેએ મુખ્ય સચિવને ફરી એક વાર પત્ર લખીને ચેતવ્યા કે સિંગરૌલી જિલ્લાનું વહીવટીતંત્ર રેલવેની જાણ બહાર, રેલવે પ્રતિનિધિઓની ગેરહાજરીમાં જમીનનું સર્વેક્ષણ અને મૂલ્યાંકન કરી રહ્યું છે. પશ્ચિમ-મધ્ય રેલ્વેના મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ) મનોજ કુમાર અગ્રવાલ કહે છે, "જેવી અમને વિસંગતતાઓ મળી, ત્યારે અમે રાજ્ય સરકાર અને કલેક્ટરને જાણ કરી હતી." અધિકારીઓનું કહેવું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં સંખ્યાબંધ પત્રો મોકલવામાં આવ્યા હતા પરંતુ રાજ્ય સરકારે તેના પર કોઈ ધ્યાન આપ્યું નથી. આખરે, આ વર્ષે ૧૫ જાન્યુઆરીએ, રેલ્વે દ્વારા સ્ટ્રેચનું કામ બંધ કરવામાં આવ્યું હતું. ૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તત્કાલિન સિધી જિલ્લા મેજિસ્ટ્રેટ અભિષેક સિંહે ક્ષેત્ર નિરીક્ષણ દરમ્યાન તેમણે શોધી કાઢ્યું કે ૦.૪૪ એકર પ્લોટ માટે, ચંદવાહી ગામના એક સેક્તા સિંહને ૨.૫ કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું છે. તેથી તેમણે આ 'કૌભાંડ'ની માહિતી રાજ્ય સરકારને આપી હતી. કલેક્ટર કચેરીના અધિકારીઓ દાવો કર્યો છે કે સિંઘ ઉપર એક વરિષ્ઠ અમલદાર દ્વારા ચૂકવણી મંજૂર કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું. જ્યારે તેમણે ઈન્કાર કર્યો, ત્યારે તેમની એક અઠવાડિયામાં આયોજન વિભાગમાં બદલી કરી દેવામાં આવી. જો કે, તેમણે પહેલેથી જ આ કેસને અર્થશાસ્ત્ર અને આંકડા વિભાગ અને પછી રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ જાહેર કરી દીધો હોવાને કારણે રેલવેએ વળતર ઘટાડીને રૂા.૫.૨ લાખ કરી દીધું હતું. ભાજપના રાજ્યસભા સાંસદ અજય પ્રતાપ સિંહે આરોપ લગાવ્યો છે કે સીધી અને સિંગરૌલી વચ્ચેનો રેલમાર્ગ ઉદઘાટનના બે અઠવાડિયામાં જ બદલાઈ ગયો હતો. તેઓ કહે છે કે નવો માર્ગ ૮ કિમી લાંબો હોવાને કારણે હવે ખર્ચમાં રૂા.૧૦૦ કરોડનો વધારો થયો છે. આવું કેમ અને કોના ફાયદા માટે કરવામાં આવ્યું ?

સંસદમાં આ પ્રશ્નો ઉઠાવવા ઉપર, તેમને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ બદલાવ પાછળ 'સ્થાનિક કારણો' હતા. સિંહે પત્રકારને ફોન ઉપર જણાવ્યું હતું કે સ્થાનિક અધિકારીઓ અને ભૂ-માફિયાઓએ રેલવે જોડે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી છે. આ સિન્ડિકેટ એટલું શક્તિશાળી છે કે તે જે જમીન ખરીદે ત્યાંથી રેલ રસ્તો પસાર કરાવી આર્થિક લાભ મેળવી શકે છે." ઓગસ્ટ ૨૦૨૩માં, રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ દિગ્વિજય સિંહના એક પ્રશ્નના જવાબમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રોજેક્ટ ખર્ચ, જે ૨૦૧૬માં ૬,૬૭૨ કરોડ રૂપિયા હતો, તે વધીને ૮,૯૧૩ કરોડ રૂપિયા થઈ ગયો છે. ડી.પી. સિંગરૌલી જિલ્લામાંથી અવાજ ઉઠાવનારા ખેડૂત શુકલા અને તેમના ૮૮ વર્ષીય પિતા સામે આ મુદ્દો ઉઠાવવા બદલ ત્રણ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે. શુકલા વ્હિસલ-બ્લોઅર બન્યા ત્યારે જ જિલ્લા અધિકારીએ ખોભા અને ચીવા ગામમાં તેમના એક એકર પ્લોટના પાંચ બિન-અસ્તિત્વ ધરાવતા સહ- માલિકોને રૂા.૧.૫ કરોડ આપ્યા દીધા હતા. તેમણે શોધી કાઢ્યું કે નકલી માલિકીના દાવાઓ બનાવવા માટે સ્ટેમ્પ પેપર્સ સાથે છેડછાડ કરવામાં આવી હતી. તેમની ફરિયાદની તપાસને આધારે જૂન ૨૦૨૩માં સ્ટેમ્પ વેન્ડરનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું હતું. પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (P.W.D.)ના રોજદાર રામમનોહર દ્વિવેદીને તેમના એક એકર પ્લોટ અને ત્રણ મકાનો માટે રૂા.૨.૮૮ કરોડનું વળતર આપવામાં આવ્યું હતું. એક વર્ષ પછી, તે મૃત મળી આવ્યો હતો. પોલીસે તેને આત્મહત્યા જાહેર કરી હતી. જો કે, તેમના પુત્ર, રૂદ્રનારાયણ માને છે કે તેમના પિતાની હત્યા કરવામાં આવી છે. દ્વિવેદીના મૃત્યુના ચાર મહિના પછી, જિલ્લા વહીવટીતંત્રે અન્ય ત્રણને ૨.૪૮ કરોડ રૂપિયા આપ્યા. જુલાઈ ૨૦૨૨માં હાઈકોર્ટમાં ગયેલા રૂદ્રનારાયણને ૪૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે હજુ સુધી કોર્ટની નોટિસનો જવાબ આપ્યો નથી. ગામના વર્તમાન ભાજપ સાંસદ રીતિ પાઠકની જમીનનો પ્લોટ શરૂઆતમાં 'ટાઈપિંગ ભૂલ'ને કારણે હસ્તગત કરવાના પ્લોટની યાદીમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. જ્યારે ૦.૪૪ એકર પ્લોટ ૨૦૨૦માં સંપાદન માટે સૂચિત કરવામાં આવ્યો હતો, ત્યારે તેના માત્ર એક માલિક તેમના કાકા હતા પરંતુ ડિસેમ્બર ૨૦૨૨માં એક સૂચનામાં પ્લોટના આઠ સહ-માલિકો દર્શાવવામાં આવ્યા હતા. જે સાંસદના કાકા, કાકી, બહેનો, પિતરાઈ ભાઈઓ અને ભત્રીજાઓ હતા. આરોપનો વિરોધ કરતાં પાઠકે કહ્યું, "હા, તે મારૂં પૈતૃક ઘર હતું પરંતુ કોઈ મારા પર ભ્રષ્ટાચારમાં સંડોવણીનો આરોપ લગાવી શકે નહીં જેમને મારી સંડોવણીની શંકા હોય તેમણે જિલ્લા વહીવટીતંત્રને ફરિયાદ કરવી જોઈએ અને એક સમિતિએ આરોપોની તથ્યતા તપાસવી જોઈએ. " સીધીમાંથી બે વખત સાંસદ રહી ચૂકેલા પાઠકને સિધીમાંથી ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી લડવા માટે ટિકિટ આપવામાં આવી છે. સિંગરૌલીના ગીધર ગામના નિવાસી ૪૫ વર્ષીય આદિવાસી શંકરલાલ બૈગાએ શોધી કાઢ્યું કે તેમની ૧.૭૫ એકર ખેતીની જમીન માટે ૭૨.૩૪ લાખ રૂપિયા ઠરાવવામાં આવ્યા હતા, જે સાચી રકમ કરતાં સાત ગણી વધારે હતી. તેમણે એ પણ શોધ્યું કે રેકોર્ડમાં સાત મકાનો દર્શાવવામાં આવ્યા છે, તે કોઈક અજાણ્યા બિન-આદિવાસીઓ દ્વારા બાંધવામાં આવ્યા હતા. જ્યારે તેમણે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી, ત્યારે વહીવટીતંત્રે ઉતાવળમાં આખી રકમ તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી અને નકલી દાવેદારોના નામ રેકોર્ડમાંથી કાઢી નાખ્યા. આ કેસ હજુ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

૨૦૫૦ સુધીમાં ભારતમાં AC માટે વીજળીની માંગ આફ્રિકાના કુલ વીજ વપરાશ કરતાં વધી જશે : IEA

(એજન્સી) તા.૨

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ ૨૪ ઓકટોબરના રોજ જણાવ્યું હતું કે, ઘરેલું એર કંડિશનર ચલાવવા માટે ભારતની વીજળીની માંગ ૨૦૫૦ સુધીમાં નવ ગણી વધવાનો અંદાજ છે અને તે સમગ્ર આફ્રિકામાં આજે કુલ વીજ વપરાશ કરતાં વધી જશે. તેના તાજેતરના વર્લ્ડ એનર્જી આઉટલૂકમાં IEAએ જણાવ્યું હતું કે, ભારતમાં આગામી ત્રણ દાયકામાં વિશ્વના કોઈપણ દેશ અથવા પ્રદેશમાં સૌથી વધુ ઊર્જા માંગ વૃદ્ધિ થશે. તેણે જાહેર કરેલ મુજબ ભારતનો ઊર્જા પુરવઠો ૨૦૨૨માં ૪૨ એક્ઝોલ્સ (EJ)થી વધીને ૨૦૩૦માં 53.7 EJ અને ૨૦૫૦માં 73 EJ અને ૨૦૩૦ સુધીમાં 47.6 EJ અને ૨૦૫૦ સુધીમાં 60.3 EJ થવાનો અંદાજ છે. ઓઈલની માંગ ૨૦૨૨માં ૫.૨ મિલિયન બેરલ પ્રતિ દિવસ (bpd)થી વધીને ૨૦૩૦માં ૬.૮ મિલિયન બેરલ અને ૨૦૫૦માં ૭.૮ મિલિયન બેરલ પ્રતિદિવસ થશે. IEAએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ દાયકામાં ભારતમાં ૭૦૦થી વધુ હીટવેવની ઘટનાઓ જોવા મળી છે, જેમાં ૧૭,૦૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. તેની ભૌગોલિક અને હવામાનશાસ્ત્રીય પરિસ્થિતિઓને કારણે ભારતમાં એર-કંડિશનરની વધતી જતી માંગ લોકોની આવક સાથે સતત વધી રહી છે, જે ૨૦૧૦થી ત્રણ ગણી વધીને પ્રતિ ૧૦૦ ઘરોમાં ૨૪ એકમો સુધી છે. ૨૦૧૯ અને ૨૦૨૨ની વચ્ચે સ્પેસ કૂલિંગને કારણે વીજળીનો વપરાશ ૨૧% વધ્યો છે અને આજે લગભગ ૧૦% વીજળીની માંગ સ્પેસ કૂલિંગની જરૂરિયાતો માટે છે. હાઉસહોલ્ડ એર-કંડિશનરની માંગ ૨૦૫૦ સુધીમાં નવ ગણી વધવાનો અંદાજ છે, જે ટેલિવિઝન, રેફ્રિજરેટર્સ અને વોશિંગ મશીનો સહિત દરેક અન્ય મુખ્ય ઘરગથ્થુ ઉપકરણોની વૃદ્ધિ કરતાં વધારે છે. IEAએ જણાવ્યું હતું કે, ૨૦૫૦ સુધીમાં STEPSમાં રહેણાક એર-કંડિશનરમાંથી ભારતની કુલ વીજળીની માંગ આજે સમગ્ર આફ્રિકામાં કુલ વીજળી વપરાશ કરતાં વધી જશે. STEPSમાં ૨૦૨૨ના સ્તરથી ૨૦૩૦ સુધીમાં વીજળીની માંગ લગભગ ૬૦% વધે છે અને આ વધારામાં કુલિંગનો હિસ્સો લગભગ અડધો છે. જો કે, સોલાર પીવી દિવસમાં ઠંડકની જરૂરિયાતો સાથે સારી રીતે મેળ ખાય છે, ભારતમાં મોડી સાંજ અને રાત્રે ઠંડકની માંગ પણ નોંધપાત્ર છે. IEAએ જણાવ્યું હતું કે, ભારત લાંબાગાળાની ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન, સ્થાનિક સ્વચ્છ ઊર્જા ટેક્નોલોજી સપ્લાય ચેઈનના નિર્માણ દ્વારા ચિહ્નિત થયેલ તેના ઊર્જા વિકાસમાં ગતિશીલ નવા તબક્કામાં આગળ વધી રહ્યું છે. CO2 ઉત્સર્જન ઘટાડીને તેના ઊર્જા ક્ષેત્રમાં પરિવર્તન લાવવાની અને અશ્મિભૂત ઈંધણના આયાત બોજને ઘટાડવાની ક્ષમતા સાથે ભારતે ૨૦૭૦ સુધીમાં ચોખ્ખું શૂન્ય ઉત્સર્જન લક્ષ્ય જાહેર કર્યું છે અને સ્વચ્છ ઊર્જા પુરવઠો અને સ્વચ્છ ટેક્નોલોજી ઉત્પાદનને વધારવા માટે નીતિઓ અમલમાં મૂકી છે. ભારતમાં સ્વચ્છ ઊર્જાનું રોકાણ ૨૦૨૨માં આશરે $60 બિલિયનથી ૨૦૩૦ સુધીમાં STEPSમાં બમણું થઈ જશે, ત્યારે તેના ચોખ્ખા શૂન્ય ઉત્સર્જન લક્ષ્યાંકને પહોંચી વળવા માટે આ દાયકાના અંત સુધીમાં રોકાણ લગભગ ત્રણ ગણું કરવું જોઈએ. ભારતની વસ્તી વૃદ્ધિ ધીમી પડી છે, તેની શહેરી વસ્તી ૭૪% અને ૨૦૫૦ સુધીમાં માથાદીઠ આવક ત્રણ ગણી વધશે. ઔદ્યોગિક ઉત્પાદન ઝડપથી વધે છે, ઉદાહરણ તરીકે લોખંડ અને સ્ટીલના ઉત્પાદનમાં ત્રણ ગણો વધારો થયો છે. ૨૦૫૦ સુધીમાં રહેણાક એર-કંડિશનરમાં નવ ગણો વધારો થશે.

લાંબી મુસાફરીનો અંત : મુંબઈમાં ચાલી રહેલી છેલ્લી પ્રીમિયર પદ્મિની કાર પણ હવે રોડ ઉપરથી વિદાય લેશે

મુંબઈ તા.૨

પ્રખ્યાત કાર પ્રીમિયર પદ્મિનીને ૧૯૬૪માં મુંબઈમાં કેબ તરીકે શરૂ કરવામાં આવી હતી અને ૨૯ ઓકટોબર, ૨૦૦૩ સુધી તેમની સંખ્યામાં વધારો થતો રહ્યો હતો. મુંબઈના રસ્તાઓ ઉપરની છેલ્લી ફિયાટ પ્રીમિયર પદ્મિની ટેક્સીના માલિક અબ્દુલ કરીમ કાલસેકરે કહ્યું કે હું મારી પત્નીને પ્રેમ કરૂ છું અને આ ટેક્સી પણ મને ગમે છે. રવિવારે તેમના વાહનની નોંધણીને ૨૦ વર્ષ પૂરા થયા અને પરિવહન વિભાગના નિયમો શહેરમાં કેબ માટે મહત્તમ અનુમતિપાત્ર વય મર્યાદા તરીકે ૨૦ વર્ષનો આદેશ આપે છે. કરીમે ૨૦૦૩માં તેની ટેક્સી ૧,૭૦,૦૦૦ રૂપિયામાં ખરીદી હતી. તેની પાસે કેટલાક નિશ્ચિત ગ્રાહકો છે જેઓ દરરોજ તેની કેબમાં તેમના કાર્યસ્થળો પર મુસાફરી કરે છે. તે કહે છે કે આ એક સઘન કાર છે જેમાં રૂા.૧,૦૦૦ કમાવવા માટે રૂા.૫૦૦ના પેટ્રોલની જરૂર પડે છે. પરંતુ તે અન્ય વાહનમાં શિફ્ટ થવા માટે અચકાય છે. તે કહે છે કે જ્યારે લોકો ટેક્સી જુએ છે અને આનંદિત થાય છે ત્યારે મને તે ગમે છે. પ્રીમિયર પદ્મિની તેમની આવકનો મુખ્ય સ્ત્રોત છે જે તેમની પત્ની અને ત્રણ પુત્રોના પાંચ સભ્યોના પરિવારને ટેકો આપે છે. તેની પાસે બીજી ટેક્સી પણ છે જે બીજા ડ્રાઈવરને રૂા.૪૦૦ પ્રતિ દિવસના ભાડે આપવામાં આવી છે. કરીમને ઘણીવાર પોતાની પ્રીમિયર પદ્મિનીને શૂટિંગ માટે દરરોજના રૂા.૨,૦૦૦ ભાડા ઉપર આપે છે. કરીમ હવે શું કરશે ? તેમના વાહનનું ફિટનેસ સર્ટિફિકેટ એપ્રિલ ૨૦૨૪ સુધીનું છે અને જો તેમને RTO દ્વારા મંજૂરી આપવામાં આવશે તો તેઓ આ ડ્રાઈવિંગ ચાલુ રાખશે. ખાકી ટુર્સના ઈતિહાસકાર ભરત ગોથોસ્કરના જણાવ્યા અનુસાર પદ્મિની ૧૯૭૦ના દાયકામાં ભારતમાં ઉત્પાદિત બે કારમાંથી એક હતી અન્ય એક કાર એમ્બેસેડર હતી. હિન્દુસ્તાન મોટર્સને પદ્મિની માટેની ટેક્નોલોજી ઈટાલિયન ઓટોમેકર ફિયાટ પાસેથી મળી છે. પરંતુ જ્યારે હિન્દુસ્તાન મોટર્સએ આ વાહનનું ઉત્પાદન બંધ કરી દીધું હતું. ગોથોસ્કર ઈચ્છે છે કે આ પદ્મિની કારોને સંગ્રહાલયમાં સાચવવામાં આવે.

હાર્ટ એટેકના બનાવો મુદ્દે ગાઈડલાઈન તૈયાર કરવા નિષ્ણાત તબીબોની વિચારણા

અમદાવાદ, તા.૨

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી કિશોર અને યુવાનો સહિત આધેડ વયની વ્યક્તિઓમાં હાર્ટ એટેકના બનાવો વધતા પ્રજાજનોની સાથે સરકાર પણ ચિંતિત બની છે. આ હાર્ટ એટેકના બનાવો પાછળ કેટલાક કોરોનાની વેક્સિનને જવાબદાર ગણી રહ્યા છે. જો કે, સરકાર આ મુદ્દે કંઈ સ્પષ્ટતા કરવાની સ્થિતિમાં નથી જ પરંતુ તેને લઈને કોઈ ખાસ એક્શનમાં કે ચોક્કસ કાર્યવાહી પણ કરી રહી નથી. ત્યારે રાજ્યના ડોક્ટરો તથા સંસ્થાઓ દ્વારા આ સ્થિતિમાં જાગૃતિ લાવવા સહિતની કામગીરી શરૂ કરી દેવાઈ છે. રાજ્યમાં કોરોનામાં થયેલ વિવિધ અંગોને નુકસાનને લીધે હાર્ટ એટેકના કેસ વધ્યા હોવાનો મત હવે બહાર આવ્યો છે. આ અંગે રિસર્ચ શરૂ હોવાનું અને નિષ્ણાત તબીબો આ અંગે મંથન કરી કોઈ ચોક્કસ ગાઈડલાઈન બનાવવાનું પણ વિચારી રહ્યા છે.

સોફ્ટવેરના પ્રશ્નો ઊભા થતાં શિક્ષકોને આ મહિને પગારમાં મુશ્કેલી પડે તેવી સ્થિતિ

હાલના પ્રિશા સોફ્ટવેરના બદલે જૂની પદ્ધતિથી પગાર કરવા માંગ

અમદાવાદ, તા.૨

શિક્ષકોના પગાર માટે પ્રિશા સોફ્ટવેરમાં હજુ પણ મુશ્કેલીઓ આવતી હોવાથી પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલુ માસનો પગાર પણ જૂની પદ્ધતિથી કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. પ્રિશા સોફ્ટવેર ખૂબ જ ધીમુ ચાલે છે અને વારંવાર સર્વરના પ્રશ્નો ઉભા થતા હોવાની રજૂઆત કરાઈ છે. દિવાળીના તહેવારો નજીક આવતા હોવાથી સોફ્ટવેરની મુશ્કેલીઓના લીધે સમયસર પગાર થઈ શકે તેમ ન હોવાનું જણાવાયું છે.

શિક્ષકોના પગાર-ભથ્થા માટે પ્રીશા સોફ્ટવેરમાં પડતી મુશ્કેલીઓને લઈને પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી છે. સંઘ દ્વારા અગાઉ પણ આ મુદ્દે સરકારમાં રજૂઆત કરી હતી. જેમાં પ્રીશા (PRISHA) સોફ્ટવેરથી શિક્ષકોના પગાર-ભથ્થાં કરવા માટે પડતી મુશ્કેલીઓ અને ક્ષતિઓ ધ્યાને મુકી હતી. જોકે, જે તે વખતે કરવામાં આવેલી રજૂઆત બાદ ઝડપથી ખામીઓ દૂર કરાયા બાદ સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી સરળતાથી કરી શકાશે તેમ જણાવાયું હતું. પરંતુ હજુ સુધી આ ડેટા એન્ટ્રી કરાવવામાં મુશ્કેલીઓ પડી રહી હોવાનું સામે આવતા ફરી રજૂઆત કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું હતું કે, હાલમાં પણ સોફ્ટવેરમાં ખામીઓ ચાલુ જ છે. સોફ્ટવેર ખુબ જ ધીમુ ચાલે છે. અપડેટ કરવાથી સ્પીડ આવતી ન હોવાની ફરિયાદો પણ ઉઠી છે. સોફ્ટવેરને લઈને જિલ્લા અને તાલુકાની કચેરીઓમાંથી સહકાર મળતો ન હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. સોફ્ટવેર અપડેટ કરવામાં આવે છે પણ તેમાં સુધારો થતો નથી. ઉપરાંત સર્વર ખુબ જ ધીમું ચાલે છે, જેના કારણે કામ કરવામાં મુશ્કેલીઓ પડે છે અને કામ થતું નથી. આમ, પ્રેશા સોફ્ટવેરને લઈને હજુ પણ મુશ્કેલીઓ ઘટી ન હોવાથી ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જો ચાલુ માસે પણ પ્રેશા સોફ્ટવેરમાં પગાર કરવાનો આગ્રહ રાખવામાં આવશે તો સમયસર કોઈપણ જિલ્લામાં પગાર થઈ શકે તેવી સ્થિતિ નથી. જેથી પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા માગ કરવામાં આવી છે કે, નજીકમાં દિવાળી પર્વ આવતું હોઈ હાલ પૂરતો પગાર SASમાં કરવામાં આવે અને પ્રિશા સોફ્ટવેરમાં જે અપડેટ કરવામાં આવે છે તે ઝડપથી અપડેટ કરી સરળતાથી ડેટા ભરી શકાય તે રીતનું સોફ્ટવેર અપડેટ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

'સર્વર ડાઉન છે : નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં ધાંધિયા વચ્ચે દર્દીઓને કચેરીમાંથી મળતા ઉડાઉ જવાબ, સારવારના અભાવે સ્થિતિ દયનીય, લોકો ત્રસ્ત

સર્વર ડાઉનની સમસ્યાને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે કપરી સ્થિતિ જન્મી છે, તેમની પાસે માત્ર બે જ વિકલ્પો છે, દેવું કરીને પણ મોંઘી આરોગ્ય સારવાર કરાવો અથવા આયુષ્માન કાર્ડ બનવા સુધી લાંબી રાહ જુઓ, અને જો ત્યાં સુધી ઈમરજન્સી સારવારના દર્દીનું જીવન જોખમમાં આવી પડે તો જવાબદાર કોણ ગણાશે ?

અમદાવાદ,તા.૨

દેશના દરેક વર્ગને વધુ સારી આરોગ્ય સુવિધા પૂરી પાડવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પ્રધાનમંત્રી જન-આરોગ્ય યોજના એટલે કે, આયુષ્માન ભારત યોજના શરૂ કરી છે. પણ હાલ આ ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે આશીવાર્દરૂપ આ યોજના હેઠળ લાભાર્થી કાર્ડ જ બનતા નહીં હોવાથી લોકો ભારે હાલાકી વેઠીરહ્યા છે. કોઈપણ રોગ કે આરોગ્ય ઈમરજન્સીની સ્થિતિ કહીને નથી આવતી ત્યારે હાલ આયુષ્માન કાર્ડ બનવાની ધીમી ગતિ અથવા ધાંધિયાને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે, તેમને ગંભીર રોગની કે ઈમરજન્સીમાસારવાર કરાવવી હોય તો રાહ જોવી પડે અથવા જંગી ખર્ચ કરી સારવાર કરાવવી પડે. ત્યારે પ્રશ્ન એ પેદા થાય છે કે, ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ આટલા રૂપિયા લાવે ક્યાંથી? અને જો આયુષ્માન કાર્ડ બનાવવા લાંબો ઈન્તેજાર કરે અને ઈમરજન્સીની સ્થિતિમાં વાત જીવન મરણ વચ્ચે આવી પડે તો જવાબદાર કોણ ગણાશે?, લોકોની આ સમસ્યા તેમજ હાલ આયુષ્માન કાર્ડ બનાવવામાંશું તકલીફ પડી રહી છે તે અંગે તંત્રનો પણ પક્ષ દર્દીઓ અને સંબંધિત આરોગ્ય વિભાગની ખાસમુલાકાત લેવામાં આવી હતી. દર્દીઓ તરફથી એવી વ્યથા વ્યક્ત કરવામાં આવી હતી કે, અમે છેલ્લા એકથી બે મહિનાથી ધક્કા ખાઈ રહ્યા છે પણ સર્વર ડાઉન હોવાનું કહી નવા આયુષ્માન કાર્ડ બની રહ્યા નથી અથવા જે બની રહ્યા છે તેનો ડેટા પણ ઓનલાઈન બતાવીરહ્યો નથી તેમજ કાર્ડ બનાવવાની ગતિ પણ ખૂબ જ ધીમી છે. બીજી તરફ તંત્રનું એવું કહેવું છે કે, આયુષ્માન કાર્ડ માટે નવી નવી સુવિધાઓ આપવા તેમજ લાભાર્થી ફોન એપથી ઘરે બેઠા પણ કાર્ડ બનાવી શકે તે માટે કોમ્પ્યુટર પ્રોગ્રામમાં અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે. માટે હાલ તકલીફ પડી રહી છે. જો કે આ તકલીફ ક્યારે દૂર થશે, કેટલા દિવસ લાગશે તેનો પણ કોઈ ચોક્કસ જવાબ અધિકારીઓ પાસે નથી. ત્યારે શું દર્દીઓએ પરેશાન થતાં રહેવાનું?, એટલું જ નહીં એવી પણ વિગત જાણવા મળી હતી કે, જે લોકો રાશન કાર્ડથી સરકારી અનાજ લેતા હોય તેમના આયુષ્માન કાર્ડ ત્રણ દિવસ પહેલા સુધી સરળતાથી નીકળતા હતા પણ, છેલ્લા ત્રણ દિવસથી તેમને પણ મુશ્કેલી પડી રહી છે. એટલે આ સમગ્ર સમસ્યા નવું સોફ્ટવેર લોન્ચ કરવાથી સર્વર ડાઉન થવાની છે. જેનો ભોગ હાલ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ બની રહ્યા છે. અમદાવાદના કોઈપણ સીવિક સેન્ટર ખાતેથી હાલઆયુષ્માન કાર્ડ બની રહ્યા નથી તેમજ હોસ્પિટલોમાં પણ નવા કાર્ડ બનાવવાની સેવા બંધ હોવાનું જાણવા મળ્યું છે. તમામ દર્દીઓને અમદાવાદના ગીતા મંદિર, એસ.ટી. સ્ટેન્ડ નજીકના આરોગ્ય ભવન ખાતે જવાનું કહેવામાં આવે છે. દર્દીઓ અને તેમના સગા આરોગ્ય ભવનખાતે આવે છે ત્યાં તેમને આખો આખો દિવસ રાહ જોયા બાદ પણ કામ થતાં નથી. સર્વર ડાઉન હોવાનું કહી તેમને કલાકો સુધી બેસાડી રાખવામાં આવે છે. કેટલાક કિસ્સામાં તો દર્દી હોસ્પિટલમાં દાખલ હોય છે અને સગા આયુષ્માન કાર્ડ માટે આરોગ્ય ભવન ખાતે કાર્ડ બનાવવા આવે છે છતાં તેમને યોગ્ય જવાબ મળતા નથી અને ધક્કા ખવડાવામાં આવે છે. પરિણામે દર્દીઓ અને તેમના સગા તંત્રના આવા રેઢિયાળ વહીવટને કારણે ત્રાહિમામ પોકારી ઉઠયા છે. મોંઘી આરોગ્ય સેવા માટે અઢળક રૂપિયા નહીં હોવાથી તેમની સ્થિતિ દયનીય બની છે અને તંત્ર તરફથી તેમને યોગ્ય જવાબ મળતા નથી. જેથી તેમની સ્થિતિ પડયા ઉપર પાટા જેવી થઈ છે. પીડિતોની માંગણી છે કે, સરકાર નવા સોફ્ટવેર પ્રોગ્રામમાં અપગ્રેડેશન તેમજ સર્વર ડાઉનની જે સમસ્યા છે તે વહેલી તકે નિવારે, જેથી આયુષ્માન કાર્ડ થકી સમયસર સારવાર મળે તો તેમના વ્હોલસોયાઓના જીવ બચી શકે અને તંદુરસ્ત જીવન જીવી શકે.

સોમનાથ મંદિરના સાંનિધ્યે પાર્કિંગ એરિયામાં એસટી બસ ડેપોનું સ્થળાંતર થયું

વેરાવળ તા. ૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના સાંનિધ્યમાં આવેલ એસટી બસ ડેપોનું ગઈકાલે સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગ એકઝીટ ગેઈટ ગૌશાળા સામેના પાર્કિંગ એરિયામાં સ્થળાંતર કરાયું હતું. નવા સ્થળાંતરીત બસ ડેપોથી ગઈકાલે સવારે ૧૦.૧૫ કલાકે સોમનાથ-વિજાપુરની બસનું પ્રથમ પ્રસ્થાન થયું હતું.

નવા બસ સ્ટેશનમાં ઈન્કવાયરી કચેરી, પેસેનજર શેડ, પાણી, બાથરૂમ, પાર્કિંગ વ્યવસ્થાને આવરી લેવાઈ છે. સોમનાથ મંદિર પાસેનું જુનુ પથિકાશ્રમ આ અગાઉ જમીન ખાલી થઈ ગયેલ છે અને હવે એસટી ડેપોવાળી વિશાળ જમીન ખાલી થતાં સોમનાથના વિકાસના ચરણ આગળ ધપશે અને મંદિર પાસેની ભીડ નિવારવા તેમજ બાઈક, મંજુરી વાહન પાર્કિંગ વ્યવસ્થા સુગમ બનશે.

૧૯૬૦ માં તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને એસટી ચેરમેન સ્વ.ધાનાભાઈ માંડાભાઈના વરદ્હસ્તે સોમનાથના એસટી ડેપોનું ઉદ્‌ઘાટન થયું હતું. તે સમયે સોમનાથના બસ સ્ટેશનની વિશેષતા એ હતી કે આવતી-જતી બસો જયાં દાખલ થઈ ઉભી રહે તેની માથે ગુંબજ જેવું બાંધકામ હતું જેથી ચઢતા-ઉતરતા પેસેન્જરોને તડકો કે વરસાદ ન લાગે જે તે સમયમાં નવીનતા હતી.

સોમનાથ મંદિર જયારે ૧૯૫૫ માં બંધાયું ત્યારે કેટલાય વર્ષો સુધી એસટી બસો છે ક મંદિરના પગથીયા સુધી જતી હતી. ઝેડ પ્લસ કે એવી કોઈ વ્યવસ્થા હતી જ નહીં. હાલનું સ્થળાંતર કામચલાઉ જ છે. કારણ કે સોમનાથ રેલ્વે સ્ટેશન સામે એસટી બસ ડેપો બનશે ત્યારે ત્યાં કાયમી રૂપે સ્થળાંતર થશે.

વેરાવળ-સોમનાથને રખડતા ઢોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવા પાલીકા તંત્રએ ૧૪૫ ઢોરોને ડબ્બે પુર્યા

જાહેર માર્ગો અને રસ્તાઓ ઉપર ઘાસચારો વેંચતા લોકો સામે પણ કાર્યવાહી કરી, પશુપાલકોને પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન કરાવી લેવા તાકીદ કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨

વેરાવળ-સોમનાથ જોડીયા શહેરમાં રખડતા ઢોર ઢાખરોનો ત્રાસથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. એવા સમયે રાજય સરકારએ ઢોર ઢાખરોનો ત્રાસ દુર કરવા અંગે કાર્યવાહી કરવા પાલીકાઓ માટે એક માર્ગદર્શીકા જાહેર કરી અમલ કરવા સુચના આપી હતી. જેને લઈ જોડીયા શહેરને આ સમસીયામાંથી મુકત કરાવવા માટે પાલીકા તંત્ર એક્શન મોડમાં આવ્યુ હોય તેમ લાંબા સમય બાદ જોડીયા શહેરમાં રખડતા ઢોરોને પકડવાની કામગીરી કરતી પાલીકાની ટીમ જોવા મળી હતી. ત્યારે આવી કામગીરી પાલીકા તંત્ર નિયમિત કરતું રહે તેવી લોકલાગણી ઉઠી છે.

આ અંગે માહિતી આપતા ચીફ ઓફીસર ચેતન ડુડીયાએ જણાવેલ કે, રાજ્ય સરકારની સૂચના મુજબ રખડતા ઢોરોની સમસીયા ઉકેલવા ખાસ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જે ઝુંબેશ અંતર્ગત શહેરના જુદા જુદા વિસ્તારોમાં પોલીસના બંદોબસ્ત સાથે પાલીકાની ટીમોએ કુલ ૧૪૫ રખડતા ઢોર-પશુઓને પકડી ઢોરવાળા અને ગૌશાળામાં મોકલી દેવામાં આવેલ છે. આ ઉપરાંત જોડીયા શહેરમાં જાહેર સ્થળો અને માર્ગો ઉપર ઘાસચારાનું વેંચાણ કરતા લોકો સામે કાર્યવાહી કરી હવેથી ન વેંચવા કડક તાકીદ કરી છે. શહેરી વિસ્તારમાં પશુઓનું પાલન કરતા પશુપાલકોને સરકારની સૂચના મુજબ રજીસ્ટ્રેશન કરાવી લેવા કડક તાકીદ કરવામાં આવી છે. આવું નહીં કરવામાં આવે તો દંડકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે. અત્રે નોંધનીય છે કે, લાંબા સમયથી રખડતા ઢોર ઢાખરોના ત્રાસ સામે પાલીકા તંત્ર કશી કાર્યવાહી કરતુ ન હોવાથી શહેરીજનો લાચારી અનુભવી રહ્યા હતા. દરમ્યાન સરકારની સુચના બાદ જાગેલું પાલીકા તંત્ર જોડીયા શહેરને આ સમસ્યામાંથી મુક્ત રાખવા માટે નિયમિત વાસ્તવિક કામગીરી કરતું રહે તે જરૂરી હોવાનો સુર લોકો વ્યક્ત કરી રહ્યા છે.

ભારત અને તાઈવાનથી આવતા લોકો ૩૦ દિવસ સુધી વિઝા વગર થાઈલેન્ડમાં પ્રવેશી શકશે : ચાઈ વાચારોકે

બેંક ઓફ થાઈલેન્ડના ડેટા અનુસાર, પ્રવાસન જીડીપીમાં લગભગ ૧૨% અને નોકરીઓમાં લગભગ પાંચમાં ભાગનું યોગદાન આપે

નવીદિલ્હી,તા. ૨

ગુજરાતીઓ ફરવાના ખુબ જ શોખીન હોય છે અને વિદેશ ફરવાની વાત આવે એટલે થાઈલેન્ડ દરેકના મોઢા પર આવી જ જાય છે. ગુજરાતમાંથી જ નહિ દેશભરમાંથી ઘણા લોકો ફરવા માટે થાઈલેન્ડ જતા હોય છે. કારણ કે થાઈલેન્ડ પ્રમાણમાં સસ્તું અને મનોરમ્ય સ્થળ છે. ત્યાંની નાઈટ લાઈફ જોવી તો દરેક પુરુષનું સપનું પણ હોય છે, ત્યારે આ દિવાળી પર થાઈલેન્ડ જનારા માટે એક ખુશખબરી પણ સામે આવી છે. જેમાં વિઝા વગર જ તમે થાઈલેન્ડની ટુર કરી શકશો.. થાઈલેન્ડના સરકારી પ્રવક્તાએ કહ્યું છે કે ભારત અને તાઈવાનથી આવનારા લોકો માટે વિઝાની જરૂરિયાતો માફ કરવામાં આવશે. રોયટર્સ અનુસાર, આ છૂટ આવતા મહિનાથી મે ૨૦૨૪ સુધી આપવામાં આવશે. થાઈ સરકારના પ્રવકતા ચાઈ વાચારોક્કેએ જણાવ્યું હતું કે, “ભારત અને તાઈવાનથી આવતા લોકો ૩૦ દિવસ સુધી વિઝા વગર થાઈલેન્ડમાં પ્રવેશી શકે છે.” થાઈલેન્ડ પ્રવાસીઓ માટે તેના વિઝા નિયમો હળવા કરવાની શક્યતા શોધી રહ્યું છે, જેમાં વિઝા માફી અને પ્રવાસીઓ માટે રોકાણનો સમયગાળો લંબાવવાનો સમાવેશ થાય છે.. હાલમાં, ભારતના પ્રવાસીઓએ ૨-દિવસના થાઈલેન્ડ વિઝા માટે ૨૦૦૦ થાઈ બાથ (લગભગ ઈ૫૭) ચૂકવવા પડે છે. થાઈલેન્ડની નવી સરકાર આવતા વર્ષે વિદેશી પ્રવાસીઓની આવક વધારીને ૩.૩ ટ્રિલિયન બાથ સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખે છે. જેમાં પ્રવાસ ઉદ્યોગ શ્રેષ્ઠ ટૂંકા ગાળાના આર્થિક ઉત્તેજના પ્રદાન કરે છે.

બેંક ઓફ થાઈલેન્ડના ડેટા અનુસાર, પ્રવાસન જીડીપીમાં લગભગ ૧૨%અને નોકરીઓમાં લગભગ પાંચમા ભાગનું યોગદાન આપે છે.. ફૂકેટ ટૂરિઝમ એસોસિએશનના પ્રમુખ થાનેથ તાંતીપિરિયાકિજે ઓગસ્ટમાં બ્લૂમબર્ગને જણાવ્યું હતું કે ચીન અને ભારતના મુલાકાતીઓને વિઝા મુક્તિ આપવાની સરખામણીમાં અરજી ફી નાબૂદ કરવી આદર્શ રહેશે. થાઈલેન્ડની ટુરિઝમ ઓથોરિટી અનુસાર, આ વર્ષે ૩૦ લાખથી વધુ લોકો મલેશિયાથી થાઈલેન્ડ ગયા છે. અગાઉ, થાઈલેન્ડે કહ્યું હતું કે રોગચાળા પહેલા, થાઈલેન્ડ આવતા પ્રવાસીઓનો સૌથી મોટો સમૂહ ચીનનો હતો. ૧૫ ઓક્ટોબર સુધી ૨.૬૫ મિલિયન ચાઈનીઝ આવ્યા હતા.

સતત છઠ્ઠા વર્ષે શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ- ગોંડલ દ્વારા આવતીકાલ તા.૩ અને ૪ નવેમ્બરે બાય બાય નવરાત્રી મહોત્સવનું આયોજન

ગુજરાતના નામાંકિત કલાકારો ગોંડલના આંગણે આવશે : સતત છઠ્ઠા વર્ષે મોટી સંખ્યામાં ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨

સતત છઠ્ઠા વર્ષે શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-ગોંડલ દ્વારા બાયબાય નવરાત્રી યોજાશે. સૌરાષ્ટ્ર ગુજરાતના નામાંકિત કલાકારો ગોંડલના આંગણે આવશે. ગોંડલમાં આવતીકાલ તારીખ ૩ અને ૪ નવેમ્બરે શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા બાય બાય નવરાત્રી મહોત્સવ-૨૦૨૩નું આયોજન નેશનલ હાઈવે ઉપર માર્કેટ યાર્ડની બાજુમાં સ્વસ્તિક પાર્ટી પ્લોટમાં કરવામાં આવ્યું છે. પાર્ટીપ્લોટમાં એક ખોડિયાર માતાજીનું મંદિર બનાવવામાં આવશે. સતત છઠા વર્ષે મોટી સંખ્યામાં ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવશે. ગરબા રમવા માટે ટ્રેડિશનલ ડ્રેસમાં રમતા ખેલૈયાઓ માટે રાસ રમવાની અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ ગોંડલ દ્વારા બાય બાય નવરાત્રીનું સતત છઠ્ઠા વર્ષે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ થી વધુ સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં ૧૦૦ થી વધુ કાર્યકર્તા નવરાત્રીમાં સેવા આપી રહ્યા છે. વિદ્યાર્થી સમિતિ અને મહિલા સમિતિ દ્વારા અલગ અલગ જવાબદારી પૂર્વક કામગીરી કરતી રહે છે. રાત્રીના ૭.૩૦ કલાકે માતાજીની આરતી પૂજા અર્ચના કર્યા બાદ નવરાત્રિનો પ્રારંભ કરવામાં આવશે. અને ત્યારબાદ ખેલૈયાઓ દ્વારા રાસ રમવામાં આવે છે. શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-ગોંડલ બાય-બાય નવરાત્રીના મહોત્સવમાં ભવ્ય સ્ટેજ બનાવવામાં આવ્યું છે. જેમાં સિંગર માર્ગી પટેલ, દેવ ભટ્ટ, આરતી ભટ્ટ, ઓરકેસ્ટ્રા આરીફ ચીના અને એંકર હાર્દિક સોરઠીયા ખેલૈયાઓને રાસ ગરબા રમાડશે.

દાંડિયારાસના ગ્રાઉન્ડમાં સમગ્ર એરીયાને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યું છે. તેમજ બાઉન્સર સાથે સિક્યુરિટીની પણ સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે ફાયર સેફ્ટીની પણ તકેદારી રાખવામાં આવી છે.

ખેલૈયાની સારવાર માટે આરોગ્ય કેન્દ્ર ઊભું કરાયું

આરોગ્ય માટે એક આરોગ્ય કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે. ત્રણ જેટલી એમ્બ્યુલન્સ પર સ્થળ ઉપર જ રાખવામાં આવશે. જેથી કોઈપણ ખેલૈયાને મેડિકલ ઈમરજન્સી થાય તો તાત્કાલિક સારવાર મળી રહેશે. આ વખતે ખોડલધામ દ્વારા જે તે વ્યવસ્થા કમિટીને જે તે વિસ્તારના લેઉવા પટેલ સમાજના આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યા છે. લેઉવા પટેલ સમાજના જ આગેવાનો નાની મોટી સેવાકીય સંસ્થામાં જોડાયેલા તમામ લોકોને આમંત્રણ આપી તેના સ્વાગત સન્માન કરવામાં આવશે. એકસીડેન્ટ પોલિસી પણ ૧ કરોડની દ્વારકાધીશ ગ્રુપ દ્વારા લેવામાં આવી છે. કાર્યક્રમમાં ૨ ભવ્ય એલઈડી સ્કીન, સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા છે. ખોડલધામ નવરાત્રી મહોત્સવમાં ગોંડલ, રાજકોટ, જેતપુર, જસદણ, જૂનાગઢ, અમદાવાદથી આવેલા ખેલૈયાઓ ગરબાના તાલે ઝૂમશે.

વેરાવળ ખાતે આગામી તા.૪ના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે નવનિર્મિત વિમ્સ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ખુલ્લી મુકાશે

જીલ્લાની પ્રથમ અધતન મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઉઘાટન પ્રસંગે સી.એમ. ભુપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ, હર્ષ સંઘવી, મુળુભાઈ બેરા સહીતના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨

વેરાવળના આંગણે આગામી તા.૪ નવેમ્બરના રોજ વિમ્સ મલ્ટી સ્પેશયાલિટી હોસ્પીટલનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ લોકાર્પણ કરશે. મોટા શહેરોમાં થતી અદ્યતન સારવાર હવે વેરાવળના આંગણે વિમ્સ હોસ્પીટલમાં મળી રહેશે તેવો દાવો સંચાલકોએ કર્યો છે. આ હોસ્પીટલમાં તમામ પ્રકારના રોગોની સારવાર મળી રહે તેવી વ્યવસ્થાઓ ઉભી કરવાની સાથે તમામ રોગો માટેના નિષ્ણાંત તબીબો પણ ચોવીસ કલાક મળી રહેશે.

આ હોસ્પિટલની વિશેષતાઓ અંગે માહિતી આપતા ડો.કેયુર કોટડીયાએ જણાવેલ કે, આ હોસ્પિટલમાં જિલ્લામાં પ્રથમવાર અદ્યતન કાર્ડિયોલોજી વિભાગ સાથે ચાલુ થશે. જેમાં હૃદય રોગના હુમલા વખતે સારવાર માટે જરૂરી એવી એન્જીયોગ્રાફી અને એંજયોપ્લાસ્ટી જેવી સારવાર કાયમી માટે થશે. આ હોસ્પિટલમાં હૃદયરોગની, સાંધા બદલવા, આંતરડામાં પંચર જેવી અનેક પ્રકારની જટીલ સારવાર આયુષ્યમાન કાર્ડ હેઠળ વિનામુલ્યે થશે. હોસ્પિટલમાં કાર્ડિયોલોજી, પીડીયાટ્રિક, ઓર્થોપેડિક, નવજાત શિશુ, તમામ પ્રકારના રોગો માટેની જનરલ સર્જન સહિતના અદ્યતન વિભાગો નિષ્ણાંત તબીબો સાથે કાર્યરત રહેશે. આ ઉપરાંત આઈસીયુ સુવિધા વાળી એમ્બ્યુલન્સ પણ સારવાર માટે ઉપલબ્ધ રહેશે. હોસ્પિટલમાં સર્પ કરડવા, પોઈઝન, પેરાલીસીસ, નિમોનિયા જેવી સારવાર માટે જરૂરી એવું અદ્યતન ૩ લેવલનું આઈસીયુની સુવિધા ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં તહેવારો સમયે લોકોને સારવાર મળી રહે તે માટે ખાસ તબીબોની ટીમ હાજર રહે તેવું આયોજન કરાયેલ છે. અત્યાર સુધી હદયરોગનો હુમલો આવે તો સારવાર માટે રાજકોટ, અમદાવાદ દુર સુધી જવું પડતું તેના બદલે હવે ત્યાં જેવી જ સારવાર અહીં મળી રહેશે.

આ હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ તમામ પ્રકારના રોગોની સારવાર થાય તેવું આયોજન હાથ ધરેલ છે. વેરાવળના આંગણે પ્રથમવાર હૃદયની બિમારી માટે જરૂરી એવો અદ્યતન કાર્ડયોલોજી વિભાગ વિમ્સ હોસ્પિટલમાં શરૂ થવાથી જિલ્લાભરના લોકોનો સમય બચવાની સાથે લાભ થશે.

માંગરોળ નગરપાલિકાના આઉટસોર્સિંગ સફાઈ કર્મચારીઓએ ચાર માસના ચડત પગાર સહિતના મુદ્દે આંદોલનનું રણશિંગુ ફુંક્યું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨

તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે માંગરોળ નગરપાલિકાના આઉટસોર્સિંગ સફાઈ કર્મચારીઓએ ચાર માસના ચડત પગાર સહિતના મુદ્દે આંદોલનનું રણશિંગુ ફુંક્યું છે. અગાઉ આપેલી ચિમકી મુજબ સફાઈ કર્મીઓએ ન.પા. કચેરીએ ધરણાં યોજી તંત્રને ઢંઢોળવા પ્રયાસ કર્યો હતો.

શહેરમાં લાંબા સમયથી ખાડે ગયેલી સફાઈ વ્યવસ્થાથી પ્રજામાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આઉટસોર્સિંગના કર્મચારીઓને પગાર ચુકવવામાં થતાં અખાડાને પગલે છાશવારે કર્મીઓ કામગીરીથી અળગા રહેતા હોય, આખા શહેરમાં ગંદવાડાની સ્થિતિ સર્જાય છે. દિવસો સુધી કચરાના પોઈન્ટ ઉપર નિકાલના અભાવે થતો ગંદકીનો જમાવડો, દુર્ગંધ, માખી, મચ્છરો, જીવાતોના ઉપદ્રવનો ભોગ પ્રજાને બનવું પડે છે. અનેક વિસ્તારો જાણે નર્કાગારમાં ફેરવાઈ જાય છે. ન.પા.તંત્ર અને એજન્સી જાણે લોકોને ગાંઠતી જ ન હોય, ફરીયાદો ઠેરની ઠેર રહે છે.

આઉટસોર્સિંગ હેઠળ હાલ ફરજ બજાવતા સફાઈકર્મીઓના ત્રણ માસથી પગાર ચુકવવામાં આવ્યા નથી. ગઈકાલે ચાર માસ પૂર્ણ થવા છતાં વેતન ન મળતાં કારમી મોંઘવારીમાં તેઓને ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. ત્યારે એક અઠવાડીયા પહેલા ચઢત પગાર, પ્રોવિડન્ટ ફંડ, રોજમદાર તરીકે ભરતી, લઘુતમ વેતન સહિતની માંગણીઓ સબંધે ચિફ ઓફીસરને પાઠવેલા આવેદન અંતર્ગત કચેરીએ ૮૦ જેટલા સફાઈ કર્મીઓ પ્રતિક ઉપવાસ ઉપર બેસી ગયા હતા અને ધુન બોલાવી સૂત્રોચ્ચાર કર્યા હતા. આપ પાર્ટીએ સફાઈ કર્મીઓની મુલાકાત લઈ આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. આમા નિયમિત સફાઈ વેરો ભરતી પ્રજા હેરાન પરેશાન થઈ ગઈ છે. હવે પ્રજા પણ આક્રોશ સાથે આંદોલન મા જોડાય તેવા સંકેતો મળે છે.

જૂનાગઢની ન્યુ નોવેલ્ટી ફર્નીચરનો મેગા ડ્રો શાનદાર રીતે યોજાયો

ગ્રાહકોને રૂા.૧૫.૫૧ લાખના ઈનામો આપી સન્માનીત કરાયા

મેગા ડ્રોમાં વિશાળ ગ્રાહક વર્ગ માટે લાભદાયક અને આકર્ષક નવી ત્રણ બચત યોજનાઓનો પણ શુભારંભ કરાયો

CUSTOMER
2023
NOVELTY furniture
WIN PRIZES

જૂનાગઢ તા.૨ વૈશ્વિક કક્ષાના તમામ પ્રકારના ફર્નીચરની અવનવી વિશાળ રેન્જ સાથે છેલ્લા ૪૯ વર્ષથી સમગ્ર સૌરાષ્ટ્રના પરિવારોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર જૂનાગઢના ન્યુ નોવેલ્ટી ફર્નીચરનો વાર્ષિક મેગા ડ્રો-૨૦૨૩ યોજાયો હતો. આ તકે ગ્રાહકોને રૂા.૧૫.૫૧ લાખના વિવિધ ઈનામો આપી સન્માનિત કરાયા હતા.

સૌરાષ્ટ્રના સેંકડો પરિવારો સાથે પેઢી દર પેઢી નાતો ધરાવી અતુટ વિશ્વાસ સાથે પાંચ દશકાથી જોડાયેલ ન્યુ નોવેલ્ટી ફર્નીચરના મેનેજમેન્ટે માય કાર્ડનું પણ લોન્ચીંગ કર્યુ હતું. આ કાર્ડથી ગ્રાહકોને ખરીદીમાં ફાયદો મળવા સાથે રોકડેથી ખરીદી કરવા કરતા ન્યુ નોવેલ્ટી ફર્નીચરના સભ્ય બનીને ખરીદી કરવાથી વિશેષ લાભ મળે છે તેમ ડ્રો માં જાહેર કરાયું હતું.

ડ્રો અંતર્ગત યોજાયેલ સમારોહમાં મોટી સંખ્યામાં ગ્રાહકો ઉપસ્થિત રહયા હતા. તેમને સંબોધતા ન્યુ નોવેલ્ટી ફર્નીચરના હરેશભાઈ ગોધવાણીએ જણાવ્યું હતું કે, ન્યુ નોવેલ્ટી ફર્નીચર સાથે પાંચ દશકાથી પેઢી દર પેઢી જોડાયેલા ગ્રાહકો અને તેમના પરિવારોએ અમારા ઉપર વિશ્વાસ મુકયો છે તેની અમોને ખુશી છે અને તેમણે ગ્રાહકો જ સર્વોપરી હોવાનું જણાવ્યું હતું.

આ વર્ષના ડ્રો માં રૂા.૧૫,૫૧,૦૦૦ ના વિવિધ ઈનામો સાથે અનેક ગ્રાહકોને શુભેચ્છારૂપે પણ ઈનામો અપાયા હતા. અને ત્રણ નવી યોજનાઓનો પ્રારંભ કરાયો હતો. આ મેગા ડ્રો નું ફેસબુક, યુ-ટયુબ તેમજ જીટીપીએલ કેબલ દ્વારા લાઈવ પ્રસારણ કરાયું હતું. જેને ૩૫ હજારથી વધુ ગ્રાહકોએ ઘરે બેઠા નિહાળ્યું હતું.

આ મેગા ડ્રોમાં વિવિધ ક્ષેત્રોના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આ અગ્રણીઓના હસ્તે વિવિધ સ્કીમના વિજેતા ગ્રાહકો તેમજ ઉપસ્થિત અનેક ગ્રાહકોને શુભેચ્છા ઈનામો આપી સન્માનિત કરાયા હતા.

કોઈપણ પ્રકારના ગૃહ ઉપયોગી કે વ્યવસાયિક ઉપયોગી ફર્નીચરની ખરીદી માટે ગ્રાહકોને અનુકુળતા રહે તે માટે ન્યુ નોવેલ્ટી ફર્નીચર દ્વારા બજાજ ફાયનાન્સ અને એચડીએફસી બેંક સાથે ટાયપ કરી સરળ ફાયનાન્સની ઉપલબધી થઈ રહે તે માટે પણ મેનેજમેન્ટ દ્વારા વિશિષ્ટ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. વર્ષોથી ગ્રાહકોના વિશ્વાસ સાથે જોડાયેલ ન્યુ નોવેલ્ટી ફર્નીચર જૂનાગઢ શહેરના વાડલા ફાટક સ્થિત સૌરાષ્ટ્રનો સૌથી વિશાળ અને અત્યાધુનિક ૩૫૦૦૦ સ્કવેર ફુટ જેટલી જગ્યામાં શો-રૂમ ધરાવી શહેરના કોલેજ રોડ અને દોમડીયા વાડી ખાતે પણ શો-રૂમની બે બ્રાન્ચ કાર્યરત છે. જયાં અનુભવી સ્ટાફ સાથે મેનેજમેન્ટ ગ્રાહકોની સેવામાં પાંચ દશકાથી સતત કાર્યરત છે.

દિપાવલીના તહેવારો નિમિત્તે ફર્નીચર ખરીદીમાં નવી યોજનાઓ સાથે ખાસ ઓફર

મેગા ડ્રો માં ઉપસ્થિત ગ્રાહકોની વિશાળ મેદનીને સંબધોતા ન્યુ નોવેલ્ટી ફર્નીચરના પ્રેમભાઈ ગોધવાણીએ વિશિષ્ટ જાહેરાત કરી હતી અને જણાવ્યું હતું કે, ગ્રાહકો ડાયરેકટ ફેકટરી (એમઆરપી નહીં હોલસેલ) પ્રાઈઝથી ફર્નીચરની ખરીદી કરી શકશે. તેમજ આગામી દિપાવલીના તહેવારોને અનુલક્ષીને ફર્નીચરની તદ્દન નવી આકર્ષક રેન્જ ડીસ્પ્લેમાં જોવા મળશે. આ જાહેરાત બાદ તેમણે ગ્રાહકલક્ષી ત્રણ નવી યોજનાઓ પણ જાહેર કરી હતી. જેમાં ફકત રૂા.૭૦૦, રૂા.૧૦૦૦ અને રૂા.૧૩૦૦ના સરળ હપ્તા દ્વારા ગ્રાહકો પોતાની પસંદગીનું ફર્નીચર સરળતાથી ખરીદી શકશે.

રાજભવનમાં ૧૩ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોના સ્થાપના દિવસ સમારોહની ભવ્યાતિભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

ગઈકાલે તા.૧ નવેમ્બરે ભારતના પંજાબ, ચંદીગઢ, હરિયાણા, દિલ્હી, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરલ, તામિલનાડુ, પોંડીચેરી, લક્ષદ્વીપ અને આંદામાન નિકોબાર દ્વીપસમૂહનો સ્થાપના દિવસ હતો. રાજ્યપા આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે રાજભવનમાં આ ૧૩ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોના સ્થાપના દિવસ સમારોહની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ હતી. વિભિન્ન રાજયોના યુવાનો-લોકકલાકારોએ નયનરમ્ય લોકનૃત્યોની પ્રસ્તુતિ કરી હતી. ગુજરાતમાં સ્થાયી થયા હોય એવા આ પ્રદેશોના મૂળ વતની નાગરિકોએ આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજભવન પરિસરમાં મહર્ષિ દયાનંદ સભામંડપમાં યોજાયેલા ભવ્ય સ્થાપના દિવસ સમારોહમાં ભારતભરમાંથી પધારેલા કલાકારો અને નાગરિકોને સંબોધતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આપણે 'એક' થઈને ભારતને 'શ્રેષ્ઠ' બનાવીએ. ભાષા, ધર્મ, પ્રાંત અને ખાન-પાનના ભેદભાવ ભૂલીને આપણે? એક થઈશું તો વિકસિત થવામાં વાર નહીં લાગે. ભારતનું પ્રાચીન કાળમાં જે ગૌરવ અને ગરિમા હતાં તે પુનઃસ્થાપિત કરીએ. આપણો દેશ પુનઃ 'સોને કી ચીડિયા' બને, વિશ્વગુરૂ બને એ માટે પરસ્પર સન્માન અને એકતાનો ભાવ પ્રગટાવીએ.

'જિંદગી જિંદા-દિલી કા નામ હૈ, મુર્દા-દિલ ક્યા ખાક જીયેગા' - શેરની આ પંક્તિઓ ટાંકીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, જીવનમાંથી નિરસતાને જાકારો આપો. ભારતની સંસ્કૃતિમાં જ ઉત્સાહ, ઉમંગ અને ઊર્જા છે. આપણી પાસે સંસ્કૃતિની વિરાસત અને વૈવિધ્ય છે તે આખા વિશ્વમાં મોટી મહાસત્તાઓ પાસે પણ નથી. આનંદ અને ઉત્સાહથી જીવન જીવવાની આપણી પરંપરા રહી છે. તેમણે વિકસિત ભારત, આત્મનિર્ભર ભારત, સુંદર ભારતના નિર્માણ માટે એક થવાનો સંકલ્પ લેવા સૌને અનુરોધ કર્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાનથી ભારતના તમામ રાજભવનોમાં 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની વિભાગના વધુ દ્રઢ થાય એવા ઉદ્દેશ્ય સાથે તમામ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આવી ઉજવણીથી વૈવિધ્ય ધરાવતા રાજ્યો કલા અને સંસ્કૃતિના માધ્યમથી પરસ્પર એકતાના સૂત્રથી મજબૂતીથી

બંધાય છે. ભારતમાં ૫૬૫ અલગ-અલગ રજવાડા હતા, ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલે આખા દેશને એકતાના સૂત્રથી મજબૂતીથી બાંધ્યો. આજે ૨૮ રાજ્યો અને આઠ કેન્દ્રશાસિત પ્રદેશો ધરાવતું આપણું ભવ્ય ભારત વિકાસ તરફ અગ્રેસર છે. રાજભવનમાં આયોજિત ૧૩ પ્રદેશોના સ્થાપના દિવસ સમારોહમાં કેરલના કલાકારોએ શિંકરી મેલમ, મધ્યપ્રદેશના કલાકારોએ નોરતા અને બધાઈ લોકનૃત્ય, તામિલનાડુના કલાકારોએ કરગટ્ટમ, કાવડી અટ્ટમ અને પોઈકકલ કૂદિરાઈ અટ્ટમ જેવા લોકનૃત્યોની રંગારંગ પ્રસ્તુતિ કરી હતી.

ગુજરાત એટીએસની ટીમને કેન્દ્રીય ગૃહમંત્રાલયના સ્પેશિયલ ઓપરેશન એવોર્ડથી સન્માનિત કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

ગુજરાતના ગૌરવની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેરાયું છે. ગુજરાત એન્ટી ટેરેરિસ્ટ સ્ક્વોડની ટીમને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સ્પેશિયલ ઓપરેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવનાર છે. ગત વર્ષે ઈન્ટેલિજન્સ ઈનપુટના આધારે ભારતની દરિયાઈ સીમામાં ઘૂસે તે પહેલાં જ ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. આશરે ૧૫૦૦ કરોડનું ડ્રગ્સ પકડવાની સાથે મૂળ પાકિસ્તાન તથા અફઘાનિસ્તાનના અને ભારતના વિવિધ શહેરમાં રહેતા નાગરિકોની સંડોવણી સામે આવી હતી. ખૂબ જ ચોકસાઈ અને કુનેહપૂર્વક ડ્રગ્સના નેટવર્કને નેસ્તનાબૂદ કરવાની દિશામાં એટીએસની ટીમનો આ ચોટદાર પ્રહાર હતો. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ કેન્દ્રીય ગૃહમંત્રાલયના સ્પેશિયલ ઓપરેશન એવોર્ડ માટે ગુજરાત એટીએસના ડીઆઈજીની ટીમની પસંદગી કરવામાં આવી. જેમાં ડીઆઈજી દીપેન ભદ્રન, એસપી સુનિલ જોશી તથા ઓપરેશનમાં સામેલ ટીમના સભ્યોને સન્માન જાહેર કરાયું છે. મહત્વપૂર્ણ વાત એ છે કે ડ્રગ્સ કેસમાં એક મહિલા પોલીસકર્મીની પણ અગત્યની ભૂમિકા રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ડીઆઈજી દીપેન ભદ્રન **Extraordinary intelligence skills** મેડલથી સન્માનિત થઈ ચુક્યાં છે.

એટલું જ નહીં કોસ્ટગાર્ડે ડીઆઈજી દીપેન ભદ્રન અને એસપી સુનીલ જોશીને આઈસીજી કમેન્ડેશન (પ્રશંસા) એવોર્ડથી પણ સન્માનિત કર્યા હતા. આમ, આ એવોર્ડને પગલે ગુનાખોરી ડામવા માટે સક્રિય પોલીસ વિભાગનો અને ખાસ કરીને ગુજરાત એટીએસની ટીમનો જુસ્સો વધ્યો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માન્ય રાજકીય પક્ષો સાથે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે બેઠક યોજાઈ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને માન્ય રાજકીય પક્ષો સાથે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે બેઠક યોજાઈ હતી.

હાલમાં તા. ૨૭-૧૦-૨૦૨૩ થી ૦૯-૧૨-૨૦૨૩ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ આયોજન કરવામાં આવ્યું છે. આગામી રવિવાર તારીખ ૫ અને ૨૬ નવેમ્બર તા. ૨ અને ૩ ડિસેમ્બરના ખાસ ઝુંબેશના દિવસોના રોજ જિલ્લાના તમામ મતદાન મથકોએ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે.

જેમાં લાયકાત ધરાવનાર કોઈ નાગરિકનું મતદાર યાદીમાં નામ દાખલ કરવાનું બાકી હોય તો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમમાં ૧૮ થી ૧૯ વર્ષની વય ધરાવતા હોય તેવા નાગરિકોના નામ નોંધણી કે ઉમેરવાના બાકી હોય તેઓને માટે આ ઝુંબેશ મહત્વની રહેશે. નાગરીકો સરળતાથી પોતાના

નામની નોંધણી કરાવી શકશે. તા. ૦૧-૧૦-૨૦૨૪ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા વ્યક્તિઓ પણ મતદારયાદીમાં નામ નોંધણી માટે ફોર્મ નં. ૬ ભરી શકશે. આગામી સમયમાં જ્યારે તેઓને ૧૮ વર્ષ પૂર્ણ થશે ત્યારે તેનો નિર્ણય કરવામાં આવશે. ત્યારબાદ તેઓનું નામ મતદારયાદીમાં દાખલ કરવામાં આવશે.

જિલ્લામાં હાલ કુલ ૫,૯૦,૭૫૭ મતદારો છે. જિલ્લાનો જેન્ડર રેશિયો ૯૪૬ તેમજ ઈ.પી. રેશિયો ૭૦.૨૦ ટકા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મેડિકલ સ્ટોરમાં સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મેડિકલ સ્ટોરમાં સીસીટીવી કેમેરા લગાવવા અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગની સુચના મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ મેડીકલ અને ફાર્મસી સ્ટોર જ્યાં ડ્રગ્સ એન્ડ કેમીસ્ટ નિયમોની જોગવાઈઓ મુજબ **Schedule H, H1 and X** ડ્રગ્સનું વેચાણ કરવામાં આવે છે, તે તમામ મેડીકલ તથા ફાર્મસી સ્ટોરની અંદર તથા બહાર સીસીટીવી કેમેરા લગાવવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ હેઠળ હુકમ કરવા જણાવાયું છે.

રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગની સુચના સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ મેડિકલ અને ફાર્મસી સ્ટોર માલિકોએ એક માસના સમયમાં પોતાના સ્ટોરની અંદર તથા બહાર કેમેરા લગાવવાના રહેશે. આ કેમેરાનું રેકોર્ડીંગ જિલ્લા ડ્રગ્સ કન્ટ્રોલ ઓથોરીટી દ્વારા કોઈપણ સમયે આકસ્મિક ચેક કરવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોઈપણ આ સ્ટોર માલિકો દ્વારા આ મુજબના હુકમનું ઉલ્લંઘન કરતા હોવાનું માલુમ પડશે તો કાયદાની જોગવાઈ મુજબ કાયદેસરની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ વધુમાં જણાવાયું છે.

:: અવસાન નોંધ ::

વેરાવળ : મનસુખભાઈ જીમુલિયા (ઉ.વ.૭૮) (ડારી વાળા) તે, સ્વ.ગોરધનદાસ, સ્વ.મણિબેનના પુત્ર, રસીલાબેનના પતિ, સ્વ. ડો.રામજીભાઈ, સ્વ.મોહનભાઈ, ડાહ્યભાઈ, અમૃતભાઈ, સ્વ.લાભુબેન ગીરધરલાલ ચોલેરા, સ્વ.રમાબેન હરિદાસ છગ, ઉષાબેન ચંદુલાલ નાગ્રેચાના ભાઈ, સ્વ.વિપુલભાઈ, પરેશભાઈ, હિતેશભાઈ, જાગૃતિબેન બિપીનકુમાર સૌમયા, હેતલબેન જિજ્ઞેશકુમાર પાબારીના પીતાશ્રી, સ્વ.જમનાદાસ લક્ષ્મીદાસ શીગાળા (શેરગઢ વાળા)ના જમાઈનું તા.૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઉઠમણું તથા મોસાળ પક્ષની સાદડી તા.૨ ને ગુરૂવારે સાંજે ૫ વાગ્યે શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર વેરાવળ ખાતે રાખેલ છે.

જામખંભાળીયા : પતિના દીર્ઘાયુષ્ય માટે પત્ની દ્વારા કરવા ચોથની ઉજવણી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

સદીઓની પરંપરા વિધિ વિધાન સાથે સૌભાગ્યવતી મહિલાઓ આજે પણ નિભાવી રહી છે. કરવા ચોથની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ પુરાણોમાં છે. કરવા ચૌથ હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ ધરાવે છે. કરવા ચૌથ કૃષ્ણ પક્ષના ચતુર્થી તિથીના આ વ્રત રાખવામાં આવે છે. જે અંતર્ગત ગઈકાલે બુધવારે મહિલાઓએ રાખ્યો હતો. પુરાણોમાં પણ આ કરવા ચોથ વ્રતનું મહત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. મહાભારત કાળમાં આ વ્રતનું વર્ણન જોવા મળે છે. આ વ્રત સૂર્યોદય પહેલાં શરૂ થાય છે અને ચંદ્રના દર્શન કરી પૂર્ણ થાય છે.

કરવા ચોથ એક નારી પર્વ છે. આ વ્રતને સૌભાગ્યશાળી સ્ત્રીઓ તેમજ તે જ વર્ષે વિવાહિત થયેલી છોકરીઓ કરે છે. આ દિવસે મુખ્ય રીતે ગૌરી અને ગણપતિની પૂજા કરવામાં આવે છે. શિવ-કાર્તિકેય અને ચંદ્રનું પૂજન પણ થાય છે. આ વ્રતમાં વ્રત કથા સાંભળવાનું વિધાન છે. તમે કોઈ પણ કથાને સાંભળશો કે વાંચશો તો ફળ તો તમને એક જેવું જ મળશે.

બહુ સમય પહેલાની વાત છે, એક વેપારીના સાત છોકરાઓ અને તેમની એક બહેન "કરવા" હતી. બધા સાત ભાઈ પોતાની બહેનને ખૂબ જ પ્રેમ કરતા હતા. એટલા સુધી કે પહેલા તેને જમાડ્યા પછી પોતે જમતા. એક વાર તેમની બહેન સાસરેથી પિયરમાં આવેલી હોય છે.

સાંજે જ્યારે ભાઈઓ તેમનો વેપાર વ્યવસાય બંધ કરી ઘર આવે છે તો તેમની બહેન ખૂબ જ વ્યાકુળ હતી. બધા ભાઈ જમવા બેસ્યા અને પોતાની બહેનને પણ જમવા બેસવાનો આગ્રહ કરવા લાગ્યા. પણ બહેને કહ્યુ કે આજે તેનુ કરવા ચોથનું નિર્જલ વ્રત છે. અને તે ચંદ્ર જોઈને તેને અર્ધ્ય આપીને જ જમી શકે છે. હજુ સુધી ચંદ્ર નીકળ્યો નથી તેથી તે ભૂખ તરસથી વ્યાકુળ થઈ જાય છે. સૌથી નાના ભાઈથી બહેનની હાલત ન જોવાઈ, અને તેણે દૂર પીપળાના ઝાડ પર એક દિવો સળગાવી, ચારણીની ઓટમાં મુકી દે છે. દૂરથી જોતા એવુ લાગે છે જાણે કે ચોથનો ચંદ્ર નીકળ્યો છે.તે પછી ભાઈ પોતાની બહેનને જણાવે છે કે ચંદ્ર નીકળી ગયો છે, તુ તેને અર્ધ્ય આપીને ભોજન કરી શકે છે. બહેન ખુશ થઈને સીડી પર ચઢીને ચંદ્રને જુએ છે, અને તેને અર્ધ્ય આપીને જમવા બેસી જાય છે.

તે પહેલો ટુકડો મોઢામાં મુકવા જાય છે તો તેને છીંક આવી જાય છે. અને બીજો ટુકડો મુકવા જાય છે તો તેમાં વાળ આવી જાય છે.અને જેમ તેમ કરીને ત્રીજો ટુકડો મુકવા જાય છે ત્યાં તેને તેના પતિના મૃત્યુના સમાચાર મળી જાય છે. તે ગભરાઈ જાય છે કે આ દિવસે આવું કેમ થયુ. તેની ભાભીઓ તેને હકીકતની જાણ કરે છે કે કરવા ચોથનું વ્રત ખોટી રીતે તૂટ્યુ તેથી ઈશ્વરે નારાજ થઈને આ સજા આપી છે. હકીકત જાણ્યા પછી તેણે નક્કી કર્યુ કે તે પોતાના પતિના અંતિમ સંસ્કાર નહી કરે. તેને જીવતો કરીને રહેશે. તે એક વર્ષ સુધી પતિના શબ પાસે બેસી રહે છે. તેની દેખરેખ કરે છે. તેના પર ઉગનારી ઘાસને તે એકઠી કરતી જાય છે.

એક વર્ષ પછી કરવા ચોથનો દિવસ આવે છે. તેની બધી ભાભીઓ કરવા ચોથનું વ્રત રાખે છે. જ્યારે ભાભીઓ તેની પાસે આશીર્વાદ લેવા આવે છે ત્યારે પ્રત્યેક ભાભી પાસેથી 'યમ સૂઈ લઈ લો, પિય સૂઈ દે દો, મને પણ તમારા જેવી સુહાગન બનાવી દો' એવો આગ્રહ રાખે છે. પણ દરેક ભાભી તેને બીજી ભાભી જોડે આવો આશીર્વાદ લેવાનો આગ્રહ કરીને જતી રહે છે.આવી રીતે જ્યાર છઠી ભાભીનો નંબર આવે છે ત્યારે કરવા તેમની પાસે પણ એ જ વાત કહેવાનો આગ્રહ રાખે છે. તે ભાભી કહે છે કે તારો સુહાગ નાના ભાઈની ભૂલને કારણે ગયો છે તો તુ તેની પાસેથી જ આ આશીર્વાદ લે અને જ્યાં સુધી તે ન માને ત્યાં સુધી છોડીશ નહી. કરવા એવું જ કરે છે. તેની નાની ભાભી ઘણા બહાના બતાવે છે પણ કરવા તેને છોડતી જ નથી, આથી છેલ્લે તેના વ્રત અને તપસ્યાથી પીગળીને પોતાની નાની આંગળીને ચીરીને તેમાથી અમૃત તેના પતિના મોઢામાં નાખી દે છે. કરવાનો પતિ તરત જ શ્રીગણેશ શ્રીગણેશ કહીને ઉભો થાય છે. આ રીતે પ્રભુની કૃપાથી તેની નાની ભાભીના મારફતે કરવાને પોતાનો સુહાગ ફરી મળે છે.

શ્રી ગણેશ જે રીતે કરવાને ચિર સૌભાગ્યવતીનું વરદાન મળ્યુ, તેવી જ રીતે બધી સૌભાગ્યવતીને મળે તેવા ઉમદા હેતુથી આ વ્રત રાખવામાં આવે છે. મુખ્યત્વે આ વ્રત પંજાબ તથા ઉતર ભારતમાં રાખવામાં આવે છે. આ દિવસે વિવાહિત સ્ત્રીઓ લગ્નની જેમજ સોળે શણગાર સજે છે. અને ફિલ્મોમાં આ વ્રત દેખાડવામાં આવતા અન્ય મહિલાઓ પણ આ વ્રત કરવા લાગી છે. આ દિવસે ઘરમાં એક ઉત્સવનો માહોલ છવાઈ જાય છે.

જૂનાગઢમાં ગ્રાહકોને ઓફલાઈન ખરીદી તરફ વાળવા વેપારીઓનું વિશિષ્ટ અભિયાન

આઝાદ ચોકથી અનંત ધર્માલય સુધીના દરેક કોમ્પ્લેક્ષને રોશનીથી શણગારવાની સાથે નાટકો, સંગીત સંધ્યા, ઉર પુતળીના ખેલ સહિતના કાર્યક્રમો યોજી ગ્રાહકોમાં આકર્ષણ ઉભુ કરી ઓફલાઈન ખરીદી તરફ વાળવા વેપારીઓ બન્યા સજ્જ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરના વેપારીઓ દિવાળીના તહેવાર ટાંકણે ઓનલાઈન તરફ વળેલા ગ્રાહકોને ઓફલાઈન ખરીદી તરફ આકર્ષવા માટેનું અનોખું અભિયાન હાથ ધરી રહ્યા છે અને વિવિધ બજારોના આકર્ષક રીતે શણગારવામાં આવશે. આ ઉપરાંત જુદા-જુદા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે.

દિવાળીના દિવસોને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે જૂનાગઢ શહેરમાં તેજીનો દોર ધીમે-ધીમે શરૂ થવા જઈ રહ્યો છે અને બજારોમાં થોડી ઘરાકી દેખાઈ રહી છે. છેલ્લા કેટલાય સમયથી લોકોમાં ઓનલાઈન ખરીદીનો ક્રેજ વધ્યો છે અને જેના પરિણામે સ્થાનિક નાના વેપારીઓના વેપારને ભારે માર પડી રહ્યો છે. આવી સ્થિતિમાંથી બહાર આવવા અને ગ્રાહકોને ફરી સ્થાનિક વેપારીઓ તરફ આકર્ષવા માટે જૂનાગઢમાં વેપારીઓ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ અંગે વિશેષમાં મળતી વિગત અનુસાર, અગિયારસથી લઈને બેસતા વર્ષ સુધી તમને જૂનાગઢની બજારમાં કંઈક નવું અને અનોખું દ્રશ્ય જોવા મળશે જેના કારણે ગ્રાહકોની ભીડ વધી જશે. આ અંગે કલોથ એન્ડ રેડીમેઈડ અસોસિએશનના પ્રમુખ ભૂપેન્દ્રભાઈ તન્ના અને મહામંત્રી ચંદ્રકાંતભાઈ દક્ષિણાએ જણાવ્યું હતું કે, આ વખતે શહેરની બજારોને નવોઢાની જેમ શણગારાશે. ગ્રાહકોને આકર્ષવા શહેરની બજારોમાં ભવ્ય રોશની, નાટકો, સંગીત સંધ્યા, ઉર પુતળીના ખેલ સહિતના આયોજન કરાયા છે. આમ, લોકો ઓનલાઈન છોડી ફરી ઓફલાઈન ખરીદી કરવા બજાર સુધી આવે તે માટેના તમામ આકર્ષણો બજારમાં ઉભા કરાશે. પરિણામે ગ્રાહકોના પગરવ સ્થાનિક બજારોમાં પડતા બજારોની રોનક પહેલાની જેમ ખીલી ઉઠશે. આમ, બજારોમાં એવી ઝાકમઝોળ ઉભી કરાશે કે ગ્રાહકોને બજાર સુધી આવવાનું આકર્ષણ ઉભું થશે.

જૂનાગઢના વેપારીઓ દ્વારા જે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે તે અંગેની વિગતો અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે. આઝાદ ચોકથી પંચહાટડી અને પંચહાટડીથી અનંત ધર્માલય સુધીના દરેક કોમ્પ્લેક્ષને રોશનીથી ઝગમગતા કરી દેવાશે. બજારોમાં ઉર પુતળીના ખેલ, રાત્રે સંગી સંધ્યા, વિવિધ સંદેશો આપતા શેરી નાટકો, ઓનલાઈન ખરીદીથી થતા ગેરફાયદા-છેતરપિંડીની શકયતા વગેરેથી અવત કરાવાશે. મોટા ટેડીબિયર ખાસ કરીને બાળકોનું આકર્ષણનું કેન્દ્ર હોય છે. માટે બજારોમાં અનેક જગ્યાએ મોટા ટેડીબિયર ઉભા કરાશે જે બાળકોને મનોરંજન પુરૂ પાડશે. બજારોમાં ટ્રાફિકની સમસ્યા ન રહે અને ગંદકી ન રહે તે માટેની પણ વ્યવસ્થા કરાશે જેથી ગ્રાહોકને કોઈઅગવડતા ન રહે. પરમીશન મેળવાશે જેથી બજારો આખી રાત ખુલ્લી રહી શકે. પરિણામે નોકરીયાત વર્ગ જે રાતના ૧૦ વાગ્યા બાદ નોકરીએથી ઘરે આવતા હોય તે પણ આવી શકે અને આરામથી અને મોડે સુધી ખરીદી કરી શકે. લાઈટીંગ માટેની કોર્પોરેશનમાં કમિશ્નરની મંજુરી મંગાશે, કોર્પોરેટર દ્વારા પણ જરૂરી મંજુરીઓ માટે લેખીતમાં રજુઆત કરાશે. વિશેષમાં ગ્રાહકોને આકર્ષવા માટેનું જૂનાગઢ શહેરના વેપારીઓના આ નવતર અભિયાનને ગ્રાહકો તરફથી પણ પુરતો સહયોગ પ્રાપ્ત થશે તેવી અપેક્ષા વેપારી વર્તુળ રાખી રહ્યા છે.

ગેરકાયદેસર મહાકાય બહુમાળી દબાણો દુર કરવાને બદલે

જૂનાગઢ મનપાએ ફુટપાથ ઉપરથી નાના ધંધાર્થીઓની રેકડી-કેબીના હટાવતા નાના ધંધાર્થીઓમાં તીવ્ર રોષ

દિવાળીના તહેવારોના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે મનપાના લારી હટાવો અભિયાનને પગલે ખાણીપીણાના રેકડી ધારકોને રોજીરોટીનો પ્રશ્ન ઉપસ્થિત થયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરમાં વોકળા ઉપર થયેલા દબાણોને અને ગેરકાયદેસર બાંધકામોને દુર કરવાની પ્રબળ માંગણી લોકોમાંથી ઉઠવા પામી છે. એટલું જ નહી ઉચ્ચ કક્ષાએથી પણ આવા દબાણો દુર કરવા માટે આદેશ છુટયા છે ત્યારે જૂનાગઢ મનપા દ્વારા ગેરકાયદેસર દબાણધારકોને માત્રને માત્ર નોટિસો ફટકારી અને સંતોષનો ઓડકાર માણી લીધો હોય તેમ લાગે છે. તો બીજી તરફ છેલ્લા બે દિવસથી જાહેર માર્ગો ઉપર પોતાની કેબિન-લારીઓ રાખી ખાણીપીણીના સ્ટોલ ધરાવતા નાના ધંધાર્થીઓ માટે મુશીબત ખડી કરી દેવામાં આવી છે. જાહેર માર્ગો ઉપરથી કેબિનો-લારીઓ હટાવી દેવામાં આવી છે અને જેના કારણે ખાણીપીણીના લારીધારકોને રોજીરોટીનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. તહેવારોના ટાંકણે જ કેબિન હટાવો ઝુંબેશને પગલે તેઓને મુશીબત ઉભી થઈ છે ત્યારે ખાણીપીણાના ધંધાર્થીઓમાં ભારે રોષની લાગણી ઉઠવા પામી છે અને ગઈકાલે ખાણીપીણીના ૧૦૦થી વધુ ધંધાર્થીઓએ મનપામાં આવી ડીએમસી એ.એસ. ઝાપડા, આસીસ્ટન્ટ કમિશ્નર જયેશ વાજાને મળી રજુઆત કરી યોગ્ય કરવાની માંગ કરી હતી. દરેક પરિવારજનો દિવાળીની ખરીદીનું આયોજન કરતા હોય છે ત્યારે આવા સમયે જ ધંધો બંધ કરાવવામાં આવે તો અમારા પરિવારને દિવાળી ઉજવવી કઈ રીતે તેમ જણાવી નાના ધંધાર્થીઓએ જણાવ્યું હતું કે, અમારી માંગ છે કે, કાતો દિવાળી સુધી ધંધો કરવા દો અથવા રોજગારી માટેની વૈકલ્પીક જગ્યા ફાળવો, બધા નાના ધંધાર્થીઓ છે અને રોજેરોજનું કમાઈ ખાનારા છે. રાત-દિવસ મહેનત કરી રોજીરોટી કમાઈ છીએ ત્યારે તહેવારના સમયે રેકડીઓ હટાવી બેરોજગારીમાં ન ધકેલી દો તેવી માંગણી વ્યકત કરવામાં આવી હતી. દરમ્યાન મનપાના આસીસ્ટન્ટ કમિશ્નર જયેશ વાજાએ જણાવ્યું હતું કે, મનપા વિસ્તારમાં રોડની નજીકના દબાણોના કારણે ટ્રાફિકની સમસ્યા, અકસ્માતો સર્જાય છે અને હાઈકોર્ટની સુચના છે કે રોડ નજીકના દબાણો દુર કરાવી રસ્તા કિલયર કરાવવા, તમામ વિસ્તારોના મુખ્ય માર્ગો ઉપરથી દબાણો દુર કરાશે અને આ સાથે જ દરેક એકથી બે રોડમાં દબાણ હટાવની કામગીરી કરવામાં આવી રહી છે. આમાં ફુટની લારી, ખાણીપીણીના ધંધાર્થીઓ તેમજ હરતીફરતી લારીઓ વાળાને રસ્તા ઉપરથી દુર કરાશે તેમ જણાવ્યું હતું. બીજી તરફ જૂનાગઢ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં રોજગારીના હેતુથી નાના પાયે ખાણીપીણીનો ધંધો શરૂ કરી અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહેલા આવા નાના ધંધાર્થીઓ માટે તો આભ તુટી પડયું જેવી સ્થિતિ સર્જાણી છે. ત્યારે આ સ્થિતિમાંથી બહાર કાઢવા માટે તેનો ઉપાય શું તેવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે.

ગેરકાયદેસર બહુમાળી દબાણો કયારે દુર થશે ?

જૂનાગઢ મહાનગરપાલિકાના તંત્ર વાહકોએ જયારે જૂનાગઢ શહેરમાં રોડ ઉપરથી લારી-કેબિનધારકોને હટાવી જાણે ખુબ જ સારી કામગીરી કરી હોય તેવું દર્શાવી રહ્યા છે. ત્યારે શહેરીજનોમાં એવી ચર્ચા પણ ઉઠવા પામી છે જે મોટા મગરમચ્છોના વોકળાના દબાણો દુર કરવામાં મનપા તંત્રને જાણે લાજ કાઢવી પડતી હોય તેમ લાગે છે. નાના ધંધાર્થીઓને હેરાન કરી અને જાણે જંગ જીતી ગયા હોય તેવો વર્તાવ થઈ રહ્યો છે. સુપ્રિમ કોર્ટના તો અનેક નીયમ છે તેનું પાલન જૂનાગઢ શહેરમાં ખરેખર થાય છે ખરૂ ? તેવો સવાલ પણ આજે ચર્ચાસ્પદ બન્યો છે.

જૂનાગઢના જલારામભકિતધામ ખાતે જલારામ જયંતિની થશે શાનદાર ઉજવણી

સમગ્ર લોહાણા સમાજની નાત અને અન્ય જલારામભકતો માટે સમૂહ પ્રસાદ સાથે અનેક કાર્યક્રમોની સાથે જલારામ જયંતીની ઉજવણી કરવામાં આવશે

શ્રી જલારામ ભક્તિ ધામ
SHREE JALARAM BHAKTI DHAM

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જલારામભકિધામ ખાતે જલારામ જયંતિની શાનદાર ઉજવણી થશે. સમગ્ર લોહાણા સમાજની નાત અને અન્ય જલારામભકતો માટે સમૂહ પ્રસાદ સહિતના ભાતીગળ કાર્યક્રમોનું આયોજન પૂ.જલારાબાપાની ૨૨૪મી જન્મ જયંતિ કારતક શુદ ૭ તા.૧૯-૧૧-૨૦૨૩ રવિવારના રોજ ઉજવણી કરવા શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટ દ્વારા વહેલી સવારથી મોડી રાત્રિ સુધીના ધાર્મિક, આધ્યાત્યમિક, સામાજિક, સાંસ્કૃતિક, સમાજસેવા કલ્યાણલક્ષી એવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારના મંગલા આરતી, અર્ચન-પૂજન બાદ પ્રથમ ધ્વજારોહણ મહેન્દ્રભાઈ રાજા પરિવાર કરશે. નવા પ્રોજેકટ સોલાર રૂટ ટોપ, ભોજનશાળાના મેદાનનો ડોમ અને લીફટનું દાતા ડો. પી.એન. આહયા હસ્તે લોકાર્પણ અને તકતી અનાવરણવિધિ, બપોરના હરૂભાઈ તન્ના રાજભોગ ધરશે, રાજભોગ આરતી બાદ દ્વિતિય ધ્વજારોહણ સ્વ. નવિનભાઈ હિન્ડોચા પરિવાર કરશે. અન્નકુટ દર્શન થશે, અન્નકુટ ભરશે ખુશાલભાઈ તન્ના, વૈષ્ણવ મહિલા મંડળ અને રાધા મહિલા મંડળ દ્વારા ભકિત સંગીત, ડો. વી.વી.પોપટ પરિવાર અને અન્ય ડોકટરોના સહયોગથી મેડીકલ કેમ્પ, સાંજે ૨૨૪ દિવડા સાથે દૈદિપ્યમાન સંધ્યા આરતી અને આરતી શણગાર સ્પર્ધા, સમગ્ર લોહાણા સમાજ અને અન્ય જલારામભકતો માટે સમૂહભોજન, રાત્રિના સાંસ્કૃતિક કાર્યકમો, પ્રોફેશનલ ડીગ્રીધારી વિદ્યાર્થીઓ, વિશિષ્ઠ વ્યકિતઓ અને ચક્ષુદાતાઓનું મરણોતર સન્માન, વિદ્યાર્થીઓ માટે સંપર્ક જયભવાની બુક સ્ટોર મો.૯૪૨૬૬ ૨૦૧૬૨, આરતી સ્પર્ધા માટે સંપર્ક ઉષાબા તન્ના મો.૮૧૬૦૭૦૮૯૪૧નો સંપર્ક સાધવા જણાવેલ છે. આવા અલૌકિક પ્રસંગે પધારવા સર્વે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને જલારામ પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. પી.બી. ઉનડકટ આમંત્રણ પાઠવેલ છે.

જૂનાગઢમાં જ્ઞાતિ પ્રમુખ વિશે અભદ્ર ટિપ્પણી કરતા પિતા-પુત્ર ઉપર પાંચ શખ્સોનો હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢમાં જ્ઞાતિ પ્રમુખ વિશે અભદ્ર કોમેન્ટ કરતા પિતા-પુત્ર ઉપર ૫ શખ્સોએ હુમલો કર્યો હતો. જયારે સમજાવવા આવેલ આધેડને પિતા-પુત્રએ ધોકો, છરી મારી હોવાની પોલીસમાં ફરિયાદ થઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, શહેરમાં રાણાવાવ ચોક પાસે આવેલ સંતૂર હોટલવાળી શેરીમાં નંદકિશોર એપાર્ટમેન્ટમાં રહેતા શાંતિલાલ પરમારે ભોઈ રાજપુત ગ્રુપ જૂનાગઢ નામના સોશિયલ મિડીયા ગ્રુપમાં જ્ઞાતિના પ્રમુખ વિશે કોમેન્ટ કરી હોવાના મનદુઃખથી સોમવારની રાત્રે સંજય જેઠવા આકાશ જેઠવા નૈમિશ ચુડાસા, ઉમંગ ચુડાસા અને મયુર ચૌહાણ વગેરેએ શાંતિભાઈ તેમજ તેમના પુત્રો અમિત ઉપર લોખંડના પાઈપ, લાકડી વડે હુમલો કર્યો હતો. આ દરમ્યાન જ્ઞાતિના માણસો આવી જતા બીજી વાર આવી કોમેન્ટ કરેલ છે તો બંને બાપ-દિકરાને જાનથી મારી નાખશું તેવી ધમકી આપીને હુમલો કરનારા નાસી ગયા હતા.

આ હુમલામાં પિતા-પુત્રને ઈજા થતા સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયારે સામા પક્ષે જ્ઞાતિના છોકરાઓને સમજાવવા આવેલ મયુરભાઈ કરશનભાઈ ઉર્ફે કિશનભાઈ ચૌહાણ નામના આધેડ ઉપર શાંતિભાઈ અને તેના પુત્ર અમિતે લાકડાના ધોકા અને છરી વડે હુમલો કર્યો હતો. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે સામસામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભેંસાણના ખારચિયા ગામે મહિલા પર સિંહનો હુમલો

ભેસાણ તા.૨

ભેસાણ તાલુકાના ખારચિયા ગામના પાદરમાં ગઈકાલે ઘેટા બકરા લઈને નીકળેલા એક માલધારી પરિવારની નિંદ્રાધીન મહિલા ઉપર એક સિંહે હુમલો કરીને કાનમાં ઈજા કરતા મહિલાને સારવાર માટે જૂનાગઢ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. મુળ દ્વારકાના નંદાણા ગામના પાલીબેન માતણભાઈ મોરી (ઉ.વ.૪૦)વાળાઓ ભેસાણના ખારચીયા ગામના પાદરમાં સુતા હોય દરમ્યાન વ્હેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં સિંહે હુમલો કરતા કાન ઉપર પંજો મારી દેતા તેમનો કાન ચિરાઈ ગયો હતો. બાદમાં તેઓને જૂનાગઢ સિવિલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com